THE LIFE

OF

Sir Jamsedjee Jeejeebhoy

FOURTH BARONET.

સર જમશેદજી જીજીભાઈ

ચોથા બેરોનેટ.

તેમનું મરણ અને જનમ ચરીત્ર.

(સંને ૧૨૭૮ નાં જોરાસ્ત્રીયન કેલેન્ડર ઉપરથી)

છાપી પ્રગટ કરનાર

મનચેરજી હોશંગજી જાગોશ.

મુંબઈ

ચંદનવાડી નંબર ૧૪૧ વાલાં ઘેરમાં

મુંબઈ વર્તમાન પ્રેસમાં છાપીને પ્રગટ કીધું છે.

કીમત રૂ. ૦।

યઝદેજરદી સને ૧૨૭૮.

ઈશવી સને ૧૯૦૮.

સર જમશેદજી જીજીભાઈ (ચોથા) બેરોનેટ.

ઉમર વરસ ૫૫.



જનમ રોજ ૫ મો સફંદારમદ, માહા ૩ જો આરદાદ શેહેનશાહી સને ૧૨૨૨ યઝદેજરદી, તારીખ ૨૯ મી નવેમબર સને ૧૮૫૨ ઇસવી, સવંત ૧૯૦૯ ના કારતક વદ ૩ ને વાર સોમ.

મરણ—રોજ ૮ મો દેપાદર, માહા ૧૦ મો દેહ શેહેનશાહી સને ૧૨૭૭ યઝદેજરદી, તારીખ ૧૭ મી જુન સને ૧૯ ૮ ઇસવી, સવંત ૧૯૬૪ ના જેઠ વદ ૩ ને વાર બુધ.

નામદાર સર જમશેદજી જીજીભાઇ બારોનેટ (ચોથા.)

તેમનું દુઃખદાયક મરણ અને પ્રકાશીત જન્મ ચરિત્ર.

પારસી જરથોસ્તી કોમની હાલની કમનસીબીઓમાં એક મોટી કમનસીબી એ છે કે, જેમ એક કોમ તરીકે તેનું મુકરર થયલું સતાવાર બંધારણ નથી, તેમ તેને માથે વાંસે એક જોખમદાર તથા સતાદાર સરદાર પણ નથી. "ધણી વગરનાં ઢોર સુહુણાં" તથા "સઉ પોત પોતાનાં મનના કે ઘરના રાજા" એવી દામાડોલ, અનિશ્ચીત તથા બેલગામ તેની હાલત છે, અને તેનાં સ્વભાવિક તથા વ્યવહારિક પરિણામ તરીકે તેની વલણ કજ્યા કુસંપ, નાફરમાની, બેઅદબી, બેદીની તથા બદકારી તરફ વધુને વધુ દોરાતી જાય છે. સર જમશેદજી જીજીભાઈ(ચોથા) બારોનેટ જો કે આપણી કોમના હોકમવર સરદાર ન હતા–માન તથા મોહબતને અર્થે કોમે પોતાને માથે કબુલેલા એક વડા અકાબર ય પ્રમુખ જેવો દરજ્જો તેઓ ધરાવતા હતા–તોપણ તેટલુંબી તેમનું વડપણ, કોમનું હાલનું બંધારણ તથા તેની નીતિરીતિ જાલવી રાખવા માટે ગનીમત તથા શુકરાના કરવા જોગ હતું, અને તે વડપણ તેમની જાતી બાહોશી, બહોલા અનુભવ, મોટા લાગવગ, તથા કુષલ કારસાજીથી ટોલાના હકમાં બહુજ લાભકારી નિવડયું હતું. પણ અફસોસ! તેમનાં અકાલ મરણે ઘાતકીપણે એકદમ તેનો અંત આણ્યો છે. સર જમશેદજી (ચોથા) બારોનેટ માત્ર ૫૫ા વરસની પ્રૌઢ જવાન વયે, અને એ માન ભરેલું વડપણ ફકત દસ વરસની ટુકી મુદત ભોગવી, રોજ ૮મો માહ ૧૦મો શેહનશાહી સને ૧૨૭૭ (તા૦ ૧૭ મી જુન ૧૯૦૮ ને બુધવાર) ને દીને ખરે બપોરે સાડાબારને ટકોરે આ બેવફા જેહાનથી પોતાની કીર્તીવાન જીંદગીનો અસબાબ હંમેશને માટે ઉઠાવી મીનોઇની હમેશગી તરફ કુચ કરી ગયા છે. આ મરણ જેટલું દુઃખદાયક ને અકાલ, તેટલુંજ અંચીતું પણ હતું. પોતાની નિયમી, નીતિમાન તથા ધર્મી જીંદગીને કારણે મરહુમ જાતે કદાવર, તનદરોસ્ત, આસુદા તથા તેજી મુખડાન રહેતા હતા. મરણની માત્ર થોડા દહાડા આગમજ તેમની તબીઅતમાં સેજ બગાડો જણાયો હતો, અને પાછલથી તેમાં કમલાની અસર માલમ પડી હતી. મરણ આગમજ તેમની ખરી માંદગી માત્ર પાંચ દીવસની હતી, પણ તે તેમની જીંદગીનો ભોગ લેનાર કાતેલ થઇ પડશે એવી વકકી તો કોઇએ સ્વપને પણ રાખી ન હતી. પાછળથી તેમની છાતીમાં આંકરું આવવા માંડયું હતું, અને કાબેલ તબીબોના કીમતી ઉપાયો તથા પોતાનાં મોટાં ઘરની ચાંપટી પરીપુર્ણ સારવાર છતાં, મુઆખરે એજ આંકરાંના જીવલેણ આંચકાથી તેઓનો પાક જાન કબજ થયો હતો.

અણચીતાં, કવખતનાં, વકકી નહી રાખેલાં આ આફતકારી મરણની ખબરે શેહર તથા દેશ દેશાવર વચ્ચે જે તાજુબી તથા સતાપનો આંચકો લગાડયો હતો, તેને એક ધર્તીકંપના આંચકા સાથ સરખાવવામાં શહરાઘાત કીધેલી ગણાશે નહી. સર જમશેદજી મુંબઇના વતની, જાત ન્યાતે પારસી તથા પારસી કોમના અકાબર હતા, છતાં તેમનાં મરણે જેમ મુંબઇમાં તેમ દેશાવર ખાતે, જેમ, હમ કોમમાં તેમ પરકોમોમાં, તથા સરકાર દરબારમાં વટીક ગમખારી, બલકે કેટલેક બાગે માહેતમપોશી ફેલાવી મુકી હતી. મરહુમ તરફ જાન ફેશાની તથા તેમનાં સોગમાં આવી પડેલાં માનવંત કુટુંબ તરફ દીલસોજીની લાગણી ચો બાજુ ઉભરી નિકલી હતી, અને તે લાગણી દુકાનો બંધ કરીને, નિયમીત-સભાઓ મુલતવી રાખીને, ખાસ સભાઓ ભરી દલગીરી તથા દીલાસાના ઠરાવો વગેરે કરીને જુદે જુદે રૂપે દરશાવવામાં આવી હતી, તથા ત્રીજે દીને મરહુમનાં ઉઠમણાં કરવાની ધમાલ પણ શેહરેશેહર તેવીજ મોટી સંખ્યામાં ચાલી રહી હતી, જે સઘલાંની વીગત આગલ ચાલતાં જોવામાં આવશે. સઉથી વધારે ગમખાર દેખાવ મરહુંમ ગુજર પામ્યા પછી તેમનાં આલીશાન મહાન બખ્તાવર "મજગામ કેસલ"માં રવાનને સેજદો કરવા તથા કુટુંબીઓને દેલાસો દેવા માટે ખેશીઓ, મિત્રો, તથા હમજાતી-

એની મોટી આમદ તથા હાજરીમાં, અને તે પછી બીજે દીને સહવારે પાયદસતની ક્રીરયાની મજલેસ વેલા જોવામાં આવતો હતો, કે જે ગમખારીનો દેખાવ જેમ મરહુમની બહોલી લોક પ્રિયતાનો પરીપુરણ ખ્યાલ આપતો હતો, તેમ કઠણમાં કઠણ દીલને ગમથી પીગલાવવાને પુરતો અસરકારક હતો. મરણ પામયા પછી તરત, તેમ પાયદસ્તની મજલેસમાં, લોકોની એવડી મોટી હાજરી તથા એવી ઉંડી ગમખારી કવચીતજ જોવામાં આવે છે.

લોકોની એ લાગણી તથા માન, મરહુમની પોતાની મોટાઇ તથા ભલાઈ, તેમ તેમનાં અમીરી ખાનદાનની લોકપ્રીયતા, એ એવડાં કારણે ઉભરાયાં હતાં. મરહુમ મહાત્મા નામદાર સર જમશેદજી જીજીભાઇ પહેલા બેરોનેટ સાહેબે પોતાની પાદશાહી દોલત તથા હાતમદીલ સખાવતથી એ ખાનદાનનો પાયો નાખ્યો ત્યારથી તે કુટંબ પારસી કોમમાં પહેલું, પણોતું તથા પોતાવટનું થઈ પડયું છે. પારસીઓ તેનાં નામપર મુસ્તાક, મગરૂર, અને જાનફેશાન છે. તેનાં સુખમાં સુખ ને તેનાં દુખમાં દુખ તેઓ ભાગ લેછે. મરહુમ પહેલા બારોનેટને તેઓ સરવોપરી માન આપતા, બલકે જાણે એક પવિત્ર આત્મા ગણી પુજતા હતા. તેઓ જો કે કોઇ લેખીત કાયદાના ઠરાવથી કોમના સરદાર બનેલા ન હતા, તો પણ લોકોએ પોતાની રાજી ખુશીથી તેમને પોતાના સરદાર, વડીલ યા અકાબર માની લીધા હતા. મરહુમ સર જમશેદજી બીજા બારોનેટ (શેઠ ખરશેદજી જમશેદજી જીજીભાઈ) પણ લગભગ એવીજ જાહોજલાલી ભોગવવા સાથે ટોલાનાં માન મોહબત મેલવી ગયા હતા. મરહુમ સર જમશેદજી ત્રીજા બારોનેટ (શેઠ માણેકજી ખરશેદજી) તરફ કોમે એ માન મોહબત જાલવી રાખયા જોકે, તેમને સમસ્ત અંજુમનની ભેગી સભામાં સતાવાર રીતે પોતાના વડા અકાબર નેમીને, "સર"નાં ખાનદાન તથા ગાદી તરફનાં પોતાનાં માન તથા એહસાનનો ખાસ પુરાવો આપ્યો હતો, અને તેવાંજ માન અકરામ તથા ક્રીરયા કરમથી હાલ ગુજર પામેલા સર જમશેદજી ચોથા બારોનેટ (શેઠ કાવસજી ખરશેદજી) ને "સરની ગાદી"ના જાયનશીન તથા ટોલાના વડા કરી તેમાં ફરી ઉમેરો કર્યો હતો.

આ રીતે જોતાં, સર જમશેદજી ચોથા બારોનેટ સાહેબ માન તથા મોટાઇનો કીમતી વારસો કુદરતીજ અને પોતાના જન્મ સાથેજ લેતા આવ્યા હતા. પણ આપણે અનુભવ્યું છે કે, આમ આઈતું તથા બાપીકું માન તથા દોલત પામનારા સઘલાજ શખ્સો, તે માન તથા દોલત પચાવી કે જાલવી શકતા નથી. ઘણા ખરાઓ તેનો ખોટો ઉપયોગ કરી બાપીકાં નામ તથા ન્યામતની ધુલધાણી તથા વા પાણી કરવા જોડે પોતે પાયમાલ અને ખાસ્તે હાલ થઇ જાય છે. પણ—પરવરદેગારની મેહરબાની, કોમની દુવા તથા પહેલા બારોનેટ સાહેબના પુણ પ્રતાપથી તેમની ઓલાદ સપુતજ નિવડી છે, અને પાછલા ત્રણે બારોનેટ સાહેબો જમાનાંની કમમેહરબાનીને લીધે જો કે પોતાનાં ખાનદાનની દોલત તથા જાહોજલાલીમાં વધારો કરી શકયા નથી, તોપણ તેની અસલ નામદારી તથા જાહોજલાલી તો પુરતી રીતે જાલવી રાખી ગયા છે, અને આજના સરખા જબરી હરીફાઈના, અતી બતંગ, તથા દુકાળયા વખતમાં તે જાલવી રાખવાનું કામ કાંઇ સહેલ નથી.

આ મરહુમ સર જમશેદજી અમીર બાપ બપાવાના ખરેખર એક અમીર બેટા તથા નબીરા થઈ ગયા છે. પોતાના કીર્તીવાન બાપદાદાના ઉમદા ગુણોનો તેઓ એક જીવતો જાગતો નમુનો હતા. તેઓ જાતે બાહોશ, બુદ્ધીશાલી, ગણત્રીબાજ તથા અચ્છા કરવઇયા હતા, અને એપ. ઇ. એ સુધીની પરીક્ષા પસાર કરી તથા બી. એ. સુધીનો અભયાસ કરી ઉંચી કેલવણીથી પોતાની જાતી બાહોશીમાં તેવણે ઉમેરો કર્યો હતો સર્વ પ્રકારનાં જાહેર કામ કાજોમાં ભાગ લઇ પોતાનાં એ ભંડોલનો લાભ તેવણે બીજાઓને આપ્યો હતો. પોતાનાં બાપીકાં ઘરના બહોલા પાદશાહી વહીવટમાં આગલ પડતો ભાગ લેવાથી, તથા "બારોનેટસી"ની ગાદી મલ્યા પહેલાં લગભગ બે દાહેકા સુધી સરકારી નીમક ખાતાંના ઓધા તથા અધીકાર ભોગવ્યાથી તેમનો અનુભવ બહોલો તથા પાકો થયો હતો, અને દેશના જુદા જુદા ભાગોમાં તેમ છેક વેલાત સુધી મુસાફરી કરવાની ટકો મલ્યાથી તેઓ કહેવત પ્રમાણે "પઢેલ, કઢેલ તેમ ફરેલ" પણ બન્યા હતા.

પણ મરહુમની મોટી ખુબી તેમના દીલના જાતી ઉમદા ગુણો તથા ઉંચા ખવાસોમાં હતી. ભલાઈ, સાલેસાઇ, નમનતાઇ, સાદાઈ, દયા, દીલસોજી, પરમાર્થ, દરગુજરી, દીનદારી, ઈત્યાદી ગુણોથી, જાતે મનુષ્ય છતાં તેઓ ગોયા એક ફરેશતા હતા, અને જન્મથી મલેલી પોતાની એ ખોદાઈ બખશેશનો અંશ તેમનાં સર્વે ખાનગી તેમ જાહેર કાર્યોમાં વારંવાર દીપી નિકલતો હતો. "મત કીસીકા દીલ સતા, દીલ ખોદાકા ધર હય" એ ગોયા તેમનો મુદ્રાલેખ હતો. કોઈનું પણ દીલ ન દુખાય, શત્રુ પણ પોતાથી નારાજ ન થાય, તેની તેમને અતીશય લાગણી રહેતી હતી, અને એ જોકે તેમનો એક ફરેશતાઇ ગુણ હતો તોપણ, આજના બેકદર તથા બેઅદબ વખતને લીધે તેમને જાહેર કામોમાં કેટલીકવાર વીરોધીઓની તાનાજની વટીક ખમવી પડતી હતી. તેમની જાહેર સખાવતો જો કે થોડીજ છે, અને ઘણી મોટી સખાવતો કરવા માટે તેમને પોતાના હાતમદેલ બપાવાના જેવી જોગવાઈ હતીજ નહી, તોપણ ખાનગી રીતે હાજતમંદોને મદદ કરવામાં તેઓ પોતાની પુંજીનો વખાણુવા જોગ ઉપયોગ કરતા હતા. તેમની સખાવત, હરકોઈ ભલા કામમાં ભાગ લઇ તેને આગલ વધારવાની, તથા પોતાનાં તન, મન અને દીલસોજી વડે કોઈનું પણ ભલું થતું હોય તો તે કરી આપવાની હતી, અને તેમની એ સખાવત વડે ઘણાં ખાતાંઓ તથા ઘણાં લોકોનો બેડો પાર થયો છે.

પોતાની હમકોમ તથા હમજાતીઓનું કલ્યાણ કરવું, એ તો તેમનાં મનથી પોતાની પહેલી તથા મોટી ફરજ હતી. તે ફરજ અદા કરતાં તેઓ પોતાના આંગપર રંજ ખેંચવા તથા પોતાના ફરજંદોને ઘડીભર બાજુ મેલવાને પણ પછાત પડતા નહી. તેના નીચલા દાખલા માન તથા અહેસાન સાથ નોંધી લેવા જોગ છે. મુંબઇના પારસીઓના લાભ જાલવનારી મંડલી હસતક પારસીઓ માટે બંધાવાની સસતાં ભાડાંની ચાલીની જગા જોવા માટે, તેઓ તેની કમીટી સાથે ખડે પગે ચાલતા તારદેવ સુધી ગયા હતા. મરકી સામેની પારસીઓની ફીવર આસ્પીટલ તરફ તેઓ અતીશે કાલજી રાખતા, અને જ્યારે પણ ત્યાં જતા ત્યારે તેના સઘલા વારડોમાં ફરી કમનસીબ દરદીઓની હાલત પુછી તેમને દીલાસો દેતા હતા. એજ મુજબ "હેલ્થ કેંપો" ની છાવણીઓમાં ફેરો મારતા. પોતાના મરણની થોડા દહાડા આગમજ પુણા ખાતે મરહુમ શરદાર સમસુલ ઓલમાં દસતુરજી સાહેબ હોશંગજીની યાદગારી રાખવા માટે મસલેહત કરવાને સભા મલવાની હતી તેમાં આગેવાન ભાગ લેવા માટે છેક પુણે જવાનો તેમનો ઠરાવ હતો, પણ તેવામાં તેમની તબીઅત બગડયાથી ડાકટરની મનાઇને લીધેજ ત્યાં જઈ શકયા ન હતા. પોતાની જાણમાં એવું આવીયું કે, મુંબઇની તેમના વડીલની સર જમશેદજી શાલાના કેટલાક ગરીબ છોકરાઓને બપોરે ખાણું મલવામાં અગવડ નડે છે, તેથી તેમને તે ખાણું સારી રીતે પુરૂં પાડવાની એક કીમતી યોજના તેઓએજ તઈઆર કરાવેલી કહેવાય છે; અને તેના પ્રતાપે તે પુણ્યવંતુ કામ કેટલેક દરજજે હવડાં હારબી પડી ચુંકું છે. તેમની ખાનગી ભલાઈનાં એવાં બીજાં ઘણાં કામો છે, જે જો કે જાહેરમાં આવી શકયાં નથી, તોપણ ખુણે પડેલાં સુગંધી ફુલોનો ખુશ પમરાત જેમ આસપાસ ફેલાવા વગર રેહતો નથી, તેમ તેમનાં તેવાં કામોની વાખવાખી પણ ઘટતે ઠેકાણે થતી રહી છે.

ટોલાનું વડપણ ફકત નામ કે વડાઇને ખાતરજ તેઓ ભોગવતા નહી હતા પણ ટોલાના વડા તરીકે તેનાં સુખદુખમાં, તેની મુશકેલીઓમાં, તથા તેને લગતા સરવે જાહેર સવાલોમાં ઉલટભર ભાગ લેવાની પોતાની ફરજ સમજતા, અને કેટલીકવાર તે માટે પોતાનાં અંગત સુખો તથા લાભોનો પણ ભોગ આપતા હતા. પારસી પંચાયતનાં સંખ્યાબંદ ફંડો તથા બહોલી મીલકતો અને સર જમશેદજી જીજીભાઈનાં ધરમખાતાંઓના વીસ્તીર્ણ વહીવટો ઉપર ચાંપતી તથા બારીક દેખરેખ રાખવા ઉપરાંત, બીજાં ઘણાંક પારસી ધરમખાતાંઓના વહીવટમાં પોતાના ઓધા તથા અધીકારની રૂએ તેઓ ખુશીથી શામેલગીરી તથા સલાહ આપતા હતા. આગલ નહી બનેલા એવા તકરારી તથા જોખમ ભરેલા બનાવો પારસીઓ વચ્ચે તેમના વખતમાં બન્યા છે, જેમાં જુદ્દદીન જઘડાનો બનાવ સહુથી

વિકટ તથા ચીંતા ઉપજાવનારો હતો. છેલાં, પારસી પંચાયત વિરૂધના જુદદીન કેસે તેમાં ગોયા "આગમાં તેલ" રેડયું હતું. એ કેસથી મરહુમનાં બેજનં ઉપર અસહય બોજો આવી પડયો હતો, જે તેવણે ખુશી તથા કાલજીથા ઉઠાવી લીધો હતો. એ કેસના બાબતમાં તેવણ જાતી જેહમત ખેંચી તેની દરેક બારીકીઓમાં ઉતરવા ઉપરાંત, કોર્ટમાં પણ વારંવાર હાજરી આપતા હતા. એવા દરેક બનાવમાં તેમની લાગણી ટોલાના મોટા ભાગ યાને પારસી જરથોસ્તી તરફ રહેતી હતી, અને તેથી સામેવાલા નાના પણ માતબર પક્ષ તરફથી તેમને બહુ ખમવું તથા સાંભલવું પડયું હતું. પણ પોતાની પવીત્ર ફરજ, પોતાના સ્વતંત્ર વિચાર તથા કોમની સામાન્ય લાગણી આગલ તેની લગારે દરકાર ન કરતાં, તેઓ પોતાનાં નેક કામમાં પર્વતની પેઠે ખડા તથા મુસતકીમ ઉભા રહયા હતા. તેમની જીગરની તથા છેલ્લી ખાહેશ, એ કેસનો ચુકાદો કોમના લાભમાં થયલો જોવાની હતી. પણ "માણસ ધારેછે શું ને ખોદા કરેછે શું" તેટલાં તો તેમની જીંદગીએ દગો દીધો, અને પોતાનાં મનની ભલી મુરાદ મન-માંજ લઈને તેઓ આ જેહાન, અને તે સાથે તેની જેહમત જંજાલ છોડી ચાલ્યા! એવું માનવામાં આવે છે, અને તે ખરૂંજ લાગે છે કે, આ કેસ મંડાયા પછી તેના ચાલુ જેહમત તથા બેહદ ઈંતેજારીથી તેમનાં તન મન પર માઠી અસર થવા પામી હતી, અને તેજ અસર શેવટે તેમના જીવનો કાલ થઇ પડી હતી. આ રીતે ત્યારે સર જમશેદજી ચોથા બારોનેટ, પોતાના કીમતી જીવનો ભોગ પોતાની વહાલી કોમ તથા પાક દીનને ખાતર આપી ગયલા ગણાવા જોઇયે, અને તેવા એક દીલસોજ સરદાર તથા સાચા રાહબરની ખોટ માટે કોમ એટલી બધી ગમખાર બને તેમાં નવાઇ નહી. એઓ સાહેબનું મરણ, તે અકાલ નીપજયાથી તથા તેમની કીમતી જીંદગીની ખોટને લીધે કુદરતીજ આફતકારી છે. પણ તે આ કમનસીબ કેસની અધવચે નીપજયાથી કોમને વધારે આફતકારી લાગે છે. કોમના નસીબનું બારકસ હજુ તો ભર દરયાના તોફાની મોજા વંટોલીઆની વચે ડોલા ખાય છે તેવામાં, તેનો કુનેહબાજ બહાદુર નાખોદા પોતેજ માર્યો જાય, એ તે બારકસને માટે તેમ તેના સફરીઓને માટે ખરેજ અફસોસ કરવા જોગ છે.

સખાવત યા દયાદાન સાથે દીનદારી તથા પાકી પરહેજગારીરૂપી દોલતનો જે ભંડાર મરહુમ નામદાર પહેલા બારોનેટ સાહેબ અને તેમના વંસઓ ધરાવતા હતા, તેનો વારસો પણ મરહુમ ચોથા બારોનેટ સાહેબ પુરતો પામેલા હતા. તેઓ સાચા એતેકાદના ચુસ્ત પારસી જરથોસ્તી હતા, અને તેમની જાતી વલણ "ઓરથોડોકસ" યાને અસલી ધર્મી વિચારો તરફ વલેલી હતી. પારસીઓમાંથી પારસીપણું ગુમ થતું જવાના આજના અધર્મી જમાનામાં પારસીઓમાં જે થોડું પણ "પારસીપણું" જલવાવા પામ્યું છે, તે બીજા કેટલાક સંજોગો જોડે મરહુમની એ ધર્મધ્યાની વલણ તથા વડપણને પણ ઘણે દરજજે આભારી છે. કહી શકાય કે, પારસીપણું જાલવવામાં તેઓ, પારસી કોમના એક અજીત કીલ્લા સમાન હતા. જાતે જુના તથા ધર્મી વીચાર આચારના છતાં તેઓ વલી વખતના વધારા સાથ આગલ વધવાથી પછાત ન હતા, અને ટોલાના જે શખસો સુધારાને નામે કોમ તથા ધરમમાં ઉથલ પાથલ કરવા માંગે છે તેમનું સાંભળવા, તેનું તોલ કરવા તથા જરૂર જોગા સારા સુધારા ટોલામાં દાખલ કરવામાં તેઓ પછાત પડતા ન હતા. સામેવાળાઓ સાથ ગમે એવો મતભેદ છતાં તેમનાં તરફ માન તથા મરયાદાથી તેઓ વરતતા હતા, અને તેથી પોતે પણ તેઓથી માન પામતા હતા.

એજ પ્રમાણે તેઓ પરકોમમાં પણ માનીતા હતા, અને યુરોપીયનોમાં તથા સરકાર દરબારમાં તો તેઓ પોતાના વડીલોની પેઠે "હીંદના વડા દેશી" તરીકે તથા એક "મીત્ર" દાખલ પોશાતા હતા. પારસી કોમના સરદાર ઉપરાંત મુંબઇના પહેલા શેહરી તરીકે તેમનો દરજજો તથા હક, લગભગ સરવ માન્ય હતો. એ મોટાઇ તેઓ પોતાના વડીલોના હક તથા ખેતાબની રૂએ ભોગવતા હતા એટલુંજ નહી, પણ શેહરની ઘણીખરી જાહેર હીલચાલોમાં આગેવાન ભાગ લઈને, તેમ પરકોમનાં ભલાનાં કામમાં શામેલગીરી આપતા રહીને પોતાની એ મોટાઇને તેઓએ ટકાવી તથા વધારી રાખી હતી. પરકોમમાં તેમનાં માન તથા મહત્વ કેવાં પોશાતાં હતાં તે માટે નોધી લેવા જોગ દાખલા આ

છે કે, અત્રેની ભાટીયા કોમનાં સુવાવડખાનાં તથા હીંદુઓ માટેનાં દવાખાનાંને ખુલ્લાં મુકવાની સુભ ક્રિયા તે કોમના આગેવાનોએ એ મરહુમના બેખ્તાવર હાથે કરાવી હતી. વલી તેઓ ગુજરયા પછી સુરતના સર્વ ન્યાતજાતના શેહરીઓએ જાહેર સભા ભરીને તેમાં, તેમ સુરતની મ્યુનીસીપલ કોરપોરેસ્ને પણ પોતાની સભામાં, તેમનાં મરણ માટે દલગીરી જાહેર કરી તેમનાં કુટુંબીઓપર દીલાસાપત્ર મોકલવાની પોતાની ફરજ વીચારી હતી, અને એ કોરપોરેસ્ને પોતાનું તે દીવસનું કામ પણ બંધ રાખ્યું હતું. આ જાતનાં જાહેર માન અસાધારણ છે, અને તે પ્રજા ઉપયોગી તથા પ્રજા પ્રિય વડીલ મહાપુરૂષોનેજ મલી શકે છે. મરહુમ સર જમશેદજી પોતે જાતે મલતાવડા તથા ખુસ્મીજાજી હોવાથી મીત્ર મંડલોમાં તેઓ એક બચાં યા બકરાં સમાન લાગતા; જ્યારે જાહેર કામો તથા અધીકારો વેલા પોતાનો ટેક તથા દરજ્જો જાલવવામાં તેઓ સીંહ જેવા પ્રગટી નીકળતા— જેનો આબેહુબ ચીતાર આ લખાંણ જોડે આપેલી તેમની રોશન ચેહરાની શબી ઉપરથી જોવામાં આવશે. મરહુમના એવા સદગુણો તથા ઉજવલ કારકીરદીને લીધે આખી પારસી કોમ તેમના તરફ જાનફેશાન હતી.

ટુકમાં, મરહુમ સર જમશેદજી ચોથા બેરોનેટ એક "પરફેકટ જેંટલમેન" (સર્વગુણ સંપન ગ્રહસ્થ) થઇ ગયા છે. પારસી કોમની તેમની વડી અકાબરી સામટી રીતે તદન ફતેહમંદ નીવડી છે. મુંબઇના એક વડા શેહરી તરીકેની તેમની લોક પ્રીયતા અચુક છે. પોતાને મલેલાં ઉમરાવ પદને તેઓએ પુરે પુરી જેબ આપી છે. ઘણાકો પોતાના ખેતાબ વડે દીપે છે, પણ એવણ પોતાનાં તેજથી પોતાનો ખેતાબ દીપાવતા હતા. એક સર બારોનેટ તરીકે તેઓ પારસી ટોલાને માથે સરતાજ, સરફરાજ તથા સરદાર થઇ ગયા છે. તેમનાં દુખદાયક મરણમાં પારસી ટોલાનું એ સરતાજ ગુમ થયું છે, અને તેની રાહતનું સીરછત્ર જતું રહ્યું છે, જે અનીવાર્ય ખોટને માટે એ કમનસીબ કોમ એવા વીલાપમાં પડી છે કે, જેનાં આંસુ હજુ સુકાયાં નથી, અને જેનો ઘા હજુ રૂજાગો નથી.

એ ગમખારી તથા ખરાબીમાં પારસી જરથોસ્તી ટોલાને એક દીલાસો એજ છે કે, મરહુમની માનવંત ગાદી યા જગા તદન ખાલી યા સુહુણી પડી રહી નથી. પાક પરવરદેગારની કરમ બખશેશથી તેમને ત્યાં એક બેટો તથા ત્રણ બેટી મલી ચાર ફરજંદોની વરધી થઇ હતી, જેઓમાંના તેમના એક પુરા બેટા શેઠ રૂસ્તમજી જેઓ હાલ ૩૦ વરસની નવજવાન ઉંમરે પુગેલા છે, તેઓ તેમની જગાએ ગાદીનશીન થઇ તેમનાં વડીલી માન તથા ખેતાબનો વારસો પામી હવે તેવો "સર જમશેદજી જીજીભાઇ (પાંચમા) બારોનેટ" થયા છે. તેમનો મુબારક જનમ તા૦ ૬ ઠી માર્ચ ૧૮૭૮ ને દીને થયો હતો. તેવણ પણ મેત્રીક થયલા છે, અને પોતાના ઉમરાવ બાપ દાદાના અમીરી ગુણો તથા બાહોશીનો ગંજ પોતાનાં ભેજાં તથા દીલમાં ધરાવે છે. છેલી મ્યુનીસીપલ ચુંટણી વેલા તેઓ સુલેહના અમલદારો તરફથી ચુંટી કઢાઇ મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનના મેમ્બર થયા છે, અને પોતે હજુ નવા છતાં એ "શેહરી પારલામેંટ" ના કાજકાજમાં તેવણ જે ઉલટ તથા ચાલાકીથી ભાગ લે છે તે, તેમની ભવીષ્યની કારકીરદી માટે ઘણી ચલકતી આશા આપે છે. આપણી જીગરની દુવા છે કે, તેઓ પોતાના ઉમરાવ અકાબર પીતાજીએ દોરેલી પગથીએજ ચાલી તેમના જેવીજ નામદારી તથા નેકનામી મેલ-વવાને ભાયગશાલી થાય, અને પીતાનાં મરણથી પોતાની કોમને ગયલી ખોટ પુરેપુરી ભરપાઇ કરી આપે. આપણી અરજ તથા ફરજ ગુજારી છે કે, તે પાક પરવરદેગાર, મરહુમ સર જમશેદજી જીજીભાઇ (ચોથા) બારોનેટ ગ્રાહેબનાં અશો રૂહને બુલંદ બેહસ્તની શાદમાની બખ્શે, અને તેમનાં અશો ફરોહરની ગેબી મદદ પારસી જરથોસ્તી કોમને કાયમ મલતી રહે.

મરહુમ સર જમશેદજી (ચોથા) બારોનેટની જીંદગી તથા કારકીરદીના બનાવોની સાલવાર નોધ.

એ મરહુમની સના સેકૃતમાં ઉપર જે ટુક વીવેચન કરવામાં આવ્યું છે તે કેટલું વાસ્તવીક છે તે, તેમની જીંદગી તથા કારકીરદીની હેઠલ આપેલી સાતાવાર નોધ ઉપરથી ખાતરી પુરવક માલમ પડશેઃ—

મરહુમ સર જમશેદજી ચોથા બારોનેટ સાહેબનો જનમ મુંબઇમાં રોજ ૫ મો માહ ૩ જો શેહેનશાહી સને ૧૨૨૨ યઝદેજરદી, તા૦ ૨૫મી નવેમ્બર ૧૮૫૨ ને દીને થયો હતો. એવણનું અસલ નામ શેઠ કાવશજી ખરશેદજી જમશેદજી હતું, પણ આજ દશ વરસો થયાં 'બારોનેટસી'નો ખેતાબ ઓધે ઉતરવાથી એવણ સર જમશેદજી જીજીભાઈ ચોથા બારોનેટને નામે ઓળખાતા હતા. એવણે પોતાના મરહુમ વડા ભાઇ ત્રીજા સર જમશેદજી સાથે પોતાના પીતાની સંભાળ ભરેલી દેખરેખ હેઠલ મી૦ ડબલ્યુ. એચ. હેમીલટન નામના અમ્બુલોરંસ સકુલના માજી વડા શિક્ષક પાસે કેળવણી લીધી હતી, અને સને ૧૮૭૧માં મેત્રીકયુલેટ થઇને બે વરસ બાદ એફ. ઈ. એની પરિક્ષા પસાર કીધી હતી. એવણના લગન તા૦ ૭ મી ફેબરવારી ૧૮૬૯ ને દીને, પોતાનાં એક ખેશી બાઈ ગુલબાઈ રૂસતમજી અરદેશર વહાડયા સાથે થયાં હતાં, જે વેલા એમની વય ૧૭ વરસની હતી, તથા એવણના જવાન મોહોરદારની વય ૧૩ વરસની હતી.

પોતાના પીતાના ૧૮૭૭માં નીપજેલાં મરણ પછી બે વરસ રહી, ઉદયોગી જીંદગી ગુજારવાની ખાએશથી તા૦ ૫ મી જુલાઈ ૧૮૭૯ ને દીને સરકારી નોકરીમાં નીમક ખાતાંના કલેકટરના વધારાના મદદનીશ તરીકે એવણ દાખલ થયા હતા, જે પછી ત્રણ વરસ રહી ચોથા વરગના મદદનીશ કલેકટર નીમાયા, અને ૧૮૯૮ માં જયારે રીટાયર થયા તયારે બીજા વરગના મદદનીશ કલેકટર તરીકે કામ બજાવતા હતા. નીમક ખાતાંની નોકરી દરમીઆન રતનાગીર, અલીબાગ, કારવાર, થાણા, વસઇ, માહીમ વગેરે કોસટાઓ ઉપર એવણે નોકરી બજાવી હતી. બરાબર ૧૯ વરસની સરકારી નોકરી પછી એવણ ૧૮૯૮માં પોતાના વડા ભાઇ સર જમશેદજી ત્રીજા બારોનેટના મરણ પછી, એ નોકરી છોડી બારોનેટનો ખેતાબ પામ્યા હતા. એ આગમજ એવણ પારસી પંચાયેતનાં એક ત્રસટી, સર જમશેદજી જીજીભાઇ ચેરીટી ફંડના એક ત્રસટી તથા સર જમશેદજી જીજીભાઈ પારસી બેનીવોલેંટ ઇનસટી-ટયુશનના એક અધીકારી થયા હતા, અને પારસી મેત્રીમોનીયલ કોરટના એક ડેલીગેટ તરીકે પણ ૧૮૮૩માં નેમાયા હતા. એજ વખતે નામદાર સરકારે એવણને સુલેહના અમલદાર પણ નેમ્યા હતા.

મરહુમ શેઠ માણેકજી તે ત્રીજા સર જમશેદજી બેરોનેટના ગુજરવા પછી મુંબઇની પારસી અંજુમને એવણને પોતાના વડા તરીકે, તા૦ ૭ મી આગસ્ટ ૧૮૯૮ ને દીને જાહેર અંજુમન ભરી મુકરર કર્યા હતા, અને તે ઠરાવને પુના, અમદાવાદ, વગેરેની પારસી જરથોસ્તી અંજુમનોએ પણ સ્વીકાર્યો હતો. મુંબઇની પારસી પંચાયતના એક ત્રસટી તરીકે એવણ ૧૮૯૪ના ડીસેમબર માસમાં નેમાયા હતા, અને ૧૮૯૮માં ભાઇનાં મરણથી પંચાયતના ત્રસટીઓના સરનશીન ચુંટી કહડાયા હતા. એની આગમજ પોતાના બાપના વખતથીજ એવણ પણ પોતાના વડા ભાઈ સાથે જાહેર કામ કાજમાં પડયા હતા.

૧૮૬૯માં નામદાર મહારાણીજીનો બીજો શાહજાદો ડયુક ઓફ એડીનબરો હીંદુસ્તાનમાં મુસા-ફરીએ આવયો તે વેળાએ, તેને કલકતામાં આવકાર દેવા માટે નામદાર વાયસરાય લોરડ મેયોએ ઇજન કર્યું હતું, તેની રૂએ બીજા સર જમશેદજી પોતાના આ બંને બેટાઓને લઇને તા૦ ૬ ઠી ડીસેમબર સને ૧૮૬૯ ને દીને કલકતે ગયા હતા. કલકતામાં નામદાર શાહજાદાએ પોતાની મનવાર "ગેલેટી" ઉપર સર જમશેદજી તથા તેવણના બંને બેટાઓને બોલાવ્યા હતા, અને સઘળે ફેરવી દેખડાવીને

એકાદ કલાક સુધી દીલભરીથી વાતચીત કીધી હતી. એ ઉપરાંત નામદાર વાઈસરાયના મેહેલમાં પણ એઓને તા૦ ૨૮ મી ડીસેમબરને દીને બોલાવી અરસપરસની મીત્રાચારી વધારવાનું માન આપયું હતું.

મુંબઇના ગવરનર સર સેમોર ફીટઝરાલ્ડના ઓધાની મુદત ૧૮૭૨ની અધવચમાં પુરી થયલી હોવાથી, "મજગામ કાસટલમાં" એ નામદારને એક એડરેસ તથા યાદગારીની કાંઇ ભેટ આપવાને તા૦ ૧ લી મે ૧૮૭૨ ને દીને આગેવાન દેશીઓની એક સભા મળી હતી, જેમાં નેમાયલી કમીટીમાં મરનારને તથા તેવણના ભાઇ શેઠ માણેકજીને આનરરી સેક્રેટરીઓ નેમયા હતા.

સને ૧૮૭૩ના નવેમબર માસમાં તે વખતના વાઇસરાય લોરડ નોરથબરૂકે એક મોટી દરબાર આગ્રા શેહેરમાં ભરી હતી, જે દરબારમાં હાજર થવાને એ નામદાર તરફથી બીજા સર જમશેદજી તથા તેવણના એ બે બેટાઓને ઇજન થયાં હતાં, જે ઇજનને માન આપી એઓ દરબારમાં સામેલ થયા હતા, અને એ તકનો લાભ લઇ દીલ્હી, લકનો, વગેરે ઉત્તર હિંદુસ્તાનના મુખ્ય શેહેરોની મુલકાત લઈ આવ્યા હતા. એજ મુજબ ૧૮૭૭ ની દીલ્લી દરબારની વખતે પણ એઓ પોતાના બાપ જોડે ઘટતા દબદબા સાથે દીલ્હી ગયા હતા.

દીલ્હીથી પાછા ફરવા પછી બીજા સર જમશેદજીની દેહ લથડતી ચાલવા માંડી, અને તેવણ તા૦ ૧૧મી જુલાઇ ૧૮૭૭ને દીને પુનાખાતે મરણ પામયા. આ વેલા આખી પારસી કોમની અસાધારણ દીલસોજી બારોનેટ કુંટુંબ તરફ ઉસકેરાઈ હતી, અને તા૦ ૨૫ મી જુલાઇ ૧૮૭૭ ને દીને પારસીઓએ પોતાની અંજુમન આલબલેસ બાગમાં મેળવી મરહુમ બીજા બારોનેટના મરણ માટે દલગીરી બતાવી એવણના વડા ભાઇ શેઠ માણેકજીને પારસી કોમના વડા નેમયા હતા, જે અધીકાર ૨૧ વરસ સુધી ભોગવી તેવણ તા૦ ૧૭ મી જુલાઇ ૧૮૯૮ ને દીને બેહેસ્તનશીન થયા હતા.

શેઠ માણેકજીનો એક પુરો બેટો તેવણની હયાતીમાંજ હક થવાથી, બારોનેટનો ખેતાબ તથા સરવે દરજજા એવોના ભાઇ શેઠ કાવશજીને મલ્યા હતા. આ વખતથી મરહુમ સર જમશેદજી ચોથા બારોનેટને જાહેર કામોમાં વધારે વખત ગુજારવાની ફરજ પડી. પોતાના ભાઇની જગાએ તેવણને મુંબઇની પારસી પંચાયતના વડા ત્રસટી, સર જમશેદજી ઈનસટીટયુટનાં, ચેરીટી ફંડના, મુંબઇની સર જમશેદજી પાંજરાપોળ વગેરેના પ્રમુખ નેમવામાં આવયા હતા, જે સઘળા ઓધાઓ પોતાનાં મરણ સુધી એવણે પુર ખંત સાથે બજાવયા હતા.

મુંબઇની મયુનીસીપલ કોરપોરેશનના એવણ સરકાર તરફથી ૧૮૯૮માં નેમાયલા એક અધીકારી હતા. પેહેલવેહેલું એવણે બજાવેલું જાહેર કામ ખાં૦ બાં૦ ડાં૦ નશરવાનજી હોરમજી ચોકસીને ઇટાલીની સરકાર તરફથી "કેવેલીઅર ઓફ ધી ઓરડર ઓફ ધી કાઉન ઓફ ઇટલી" નો નાઇટનો જે ખેતાબ આપવામાં આવયો, તે ખેતાબની મુબારકબાદીમાં તેમના તબીબ મીત્રો અને વખાણનારાઓએ તા૦ ૨૧ મી જાનેવારી ૧૮૯૯ ને દીને અત્રેના ટાઉન હોલમાં એવણના પ્રમુખપણાં હેઠળ એક ખાણું આપયું હતું, જ્યાં ઇટાલીઅન કાનસલ અને તે રાજના વિધ્વાન તબીબો, વગેરે બીરાજ્યા હતા. એ વેળાનું પ્રમુખ તરીકેનું એવણનું ભાષણ ઘણું વખણાયું હતું. તેમાં મુંબઇમાં ફેલાયલી મરકી સંબંધી એવણે ઘણું માઆકુલ વીવેચન કરયું હતું. ૧૮૯૯ના ફેબરવારી માસમાં નામદાર સરકારે એવણને મુંબઈની યુનીવરસીટીના ફેલો નેમયા હતા, અને એજ શાલના મારચ માસથી એવણ યુનીવરસીટીની બોરડ ઓફ એકાઉંટસના એક અધીકારી તરીકે નેમાતા આવયા હતા. મુંબઇના કોટના મેદાનમાં બંધાયલી પારસી સુવાવડખાનાની પુરવે મરહુમ શેઠ નશરવાનજી જહાંગીરજી વાડયાને નામે તેમના વીધવા બાઈ પીરોજબાઇએ રૂ. ૨૫,૦૦૦ આપી બંધાવેલો જુદો વારડ ખુલ્લો મુકવાની ક્રીયા, એવણે તા૦ ૯મી ડીસેમબર ૧૮૯૯ને દીને કીધી હતી, તથા એ ખાતાંના સથાપક ડાં૦ તેમુલજી ભીખાજી નરીમાનનું રૂ. ૧૫,૦૦ને ખરચે બનાવેલું એક બસટ પણ એવણે ખુલ્લું મુકયું હતું.

નામદાર સરકારે ઈ૦ સ૦ ૧૯૦૦ના સાલ માટેના મુંબઈના શેરીફનું માન એવણુને આપયું હતું. અત્રેની જાણીતી એલફીનસટન ક્રીકેટ કલબે મેદાનમાં બંધાવેલું નવું મકાન એવણે તા૦ ૨૬મી મે ૧૯૦૦ ને દીને ખુલ્લું મુકયું હતું. અત્રેના જાણીતા અંગ્રેજ વેપારી સર જ્યોરજ કોટન, કે જેઓ દેશીઓનાં ખેરખાહ હતા, તેવણુ પોતાને વતન જાથુકના સીધારયાથી તેમનાં માનમાં એક મોટો મેલાવડો તા૦ ૧૬ મી મે ૧૯૦૦ ને દીને અત્રેના ટાઉન હાલમાં કરવામાં આવ્યો હતો, જયાં મુંબઈના રહેવાસીઓ તરફનું માનપત્ર એવણે વાંચી સંભળાવયું હતું. એજ મુજબ વડોદરાના મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ, પોતાના બેટાઓને કેળવણી આપવા તા૦ ૧૯ મી મે ૧૯૦૦ ને દીને ઇંગલંડ લઈ ગયા, તે વેળાએ તેમના ઉતારાના મકાનમાં સવારના દશ કલાકે એક મેળાવડો કરવામાં આવયો હતો, જયાં એવણે એક સુભાખીત ભાશણ કરી મહારાજાને મુબારકબાદી અને શાબાશીના સખુનો કહી સંભળાવયા હતા.

શેઠ ખરશેદજી રૂસતમજી કામાએ જરથોશતીઓનાં ધરમજ્ઞાનનો ફેલાવો કરવામાં પોતાની જીંદગી ગુજારી તે માટે તેવણુની ૭૦માં વરસની સાલગરેહની યાદગારી તરીકે તેમજ ધરમ સંબંધી તેમની સેવાઓની પીછાન તરીકે તેવણુના ચેલાઓ તથા વખાણુનારાઓ તરફથી શમશુલ ઓલમાં એરવદ જીવણજી જમશેદજી મોદીની આગેવાની હેઠલ જુદાજુદા લખનારાઓએ જરતોશતી ધરમ તથા સાહીતયને લગતી પોત પોતાને મનપસંદ બાબદ ઉપર એકઠી બીના ઈંગ્રેજીમાં લખી એક "મેમોરીઅલ વોલયમ" તઈયાર કીધું હતું, તે તેમને તા૦ ૧૩ મી ફેબરવારી ૧૯૦૧ ને દીને સર જમશેદજીનાં પ્રમુખપણા હેઠળ એક મોટા મેળાવડાની હજુરમાં ભેટ આપવામાં આવયું હતું. એજ મુજબ અત્રેની ગ્રાંટ મેડીકલ કોલેજના તા૦ ૨૫ મી મારચ ૧૯૦૨ ને દીને થયલાં ઇનામના વારસીક મેળાવડામાં એવણુ પ્રમુખસથાને બીરાજ્યા હતા, અને વઈદાંની કોલેજની ઉતપતી વીશે કેટલુંક મોતેબર વીવેચન કીધું હતું.

નામદાર શેહેનશાહ એડવરડની તાજપોશીની ક્રિયામાં સામેલ થવાને મુંબઇ શેહેરના પ્રતીનીધી તરીકે સરકારના ખાસ ઇજનથી, એવણુ તા૦ ૮ મી મે ૧૯૦૨ ને દીને પોતાના મોહોરદાર તથા બેટા અને બેટી સાથે ઈંગ્લંડ સીધાર્યા હતા. તેઓને અત્રેથી વીદાય થતી વખતે બેલારડ પીયર ઉપર પારસીઓની મોટી સંખયાએ હાજર થઇ માન આપયું હતું. એડન પુગયા તે વખતે તયાં તેમજ લંડનના ચેરીંગ ક્રોસના સટેશન ઉપર પણ એવણુને પારસીઓએ મોટું આદરમાન આપયું હતું. લંડનમાં વસનારા પારસીઓએ તયાંનાં હોટેલ સેસીલમાં એમને ભેટવાને તા૦ ૧૦ મી જુને ૧૯૦૨ ને દીને એક વગવાળો મોટો મેળાવડો કરી પારસીઓ તરફનું મુબારકબાદીનું માનપત્ર આપયું હતું. એ ઉપરાંત ઘણાક નામાંકીક ઉમરાવો તથા રાજવંશીઓએ પણ એમને મોટું માન ત્યાં આપયું હતું. નામદાર શેહેનશાહ એડવરડે તાજપોશી પછી એમને તથા લેડી જમશેદજીને પોતાને હાથે "કોરોનેશન મેડલ" ભેટ આપયા હતા. આ દેશના પારસીઓ તરફનું મુબારકબાદીનું માનપત્ર પણ એવણુ મારફતે નામદાર શેહેનશાહને અરપણ કરવામાં આવ્યું હતું. તા૦ ૧૨ મી જુન ૧૯૦૨નાં તયાંના "ડેલી ક્રોનીકલ" પત્રમાં એવણુની એક તસવીર પારસી પોશાકમાં પ્રગટ થઈ હતી.

લંડનથી પાછા મુંબઈ આવ્યાબાદ ૧૯૦૨ના નવેમબર માસમાં થયલા અત્રેની સેંટ ઝેવીયરસ હાઇ સકુલના વીધ્યારથીઓને ઈનામો આપવાના મેળાવડામાં એવણુને પ્રમુખસથાન આપવામાં આવયું હતું. ૧૯૦૩ના આગસટ માસમાં નામદાર ગવરનર લોરડ નોરથકોટની વીદાયગીરી વખતે ટાઉન હોલમાં થયલા મેળાવડામાં છેલ્લી સલામના સખુનો પણ એવણેજ કહી સંભળાવયા હતા. જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડળી, જે ૧૯૦૩ના જુન માસમાં સ્થાપવામાં આવી હતી, તેના એવણુ શરૂઆતથીજ પ્રમુખ નેમાયા હતા. મરહુમ શેઠ લખમીદાસ ખીમજીને નામનું ભાટીઆઓ માટેનું સુવાવડખાનું તથા મરહુમ શેઠ દયાલ ભીમજીને નામનું ધરમાદા દવાખાનું ખુલ્લું મુકવાની ક્રીયા તા ૩૦ મી એપ્રીલ ૧૯૦૩ ને દીને હીંદુ ગ્રહસ્થોના એક મોટા મેળાવડાની હજુરમાં એવણુને હાથે કરાવવામાં આવી હતી.

સુરત મધેની ફેસતમપરાની મરહુમ સર જમશેદજી જીજીભાઇ પહેલા બારોનેટવાળી દરેમેહેરની ૫૦ મા વરસની સાલગરેહ તા૦ ૩૧ મી અકટોબર ૧૯૦૩ ને દીને પડી હતી, તે વેળાએ તેનાં જશન વગેરેમાં ભાગ લેવાને એવણ સુરત ગયા હતા, અને એમને સુરતના પારસીઓ તરફથી માનપત્ર તથા ઈવિનીંગ પારટી આપવામાં આવી હતી. તેમજ સુરત જતાં રસતામાં ઉદવાડા, વલસાડ, બીલીમોરા તથા નવસારીનાં સટેશનો ઉપર તયાંના જરથોસ્તી આગેવાનોએ હાજર થઈ માન આપયું હતું.

મુંબઇ મધે નેમેલી આનરરી માજીસ્ત્રેટોની બેંચના એવણ ૧૯૦૪ના મે માસથી એક આનરરી માજીસ્ત્રેટ હતા. જુદદીનોને આપણી જરથોસ્તી દીનમાં દાખલ કરવાના સવાલના સંબંધમાં મુંબઈ મધે ચાર ચાર વરસ થયાં જે મોટી ભાંજગડ ઉડી છે, અને જેને લગતો એક મુકદમો પણ હાઇકોરટે ચહડયો છે, તે બાબતમાં પણ એવણે આગેવાની લઇ મોટી મદદ કરી છે અને કોમના મોટા ભાગનાં મત સાથે મળતા રહી તેની અગવડ તથા ઇતેજારીમાં ઘણો ઘટાડો કરયો છે. એવી બીજી ઘણી બક્ષકતી તથા મોટા બનાવોથી ભરપુર કારકીરદીવાલા પોતાના સરતાજ સરદારનાં અકાલ મોત માટે પારસી કોમ સ્વભાવીક રીતે વીલાપ કરે છે, અને તેમનાં અશો રૂહ ઉપર દુવા તથા દરૂદનો નેસાર કરે છે.

મરહુમ સર જમશેદજીનાં મરણની ખબરથી ચોમેર ફેલાયલી દલગીરી— તેમની પાયદસત અને ઉઠમણાની થયલી કીરયા વીગરે.

તેમનાં માનમાં મલેલી યાદગારીની સભાઓ—તેમાં થયલા ઠેહાવો— લખાયલા દીલાસાપત્રો ઇત્યાદી.

મરહુમ સર જમશેદજી ગુજરવાના એકાદ અઠવાડયાના થોડાક દીવશ આગમચથી જો કે બીમારી ભોગવતા હતા ખરા, પણ તે બીમારી એટલી સકત લોકોનાં ધારવામાં પેહલાં એવી નહી હતી કે જેથી તેમનું મરણજ નીપજશે-તે છતાં ઉપર કહેલા દીવશે બપોરી વખતે જયારે તેવો ખરેખર ગુજરયા ત્યારે જેમ મુંબઇમાં તેમ દેશાવરોમાં-જેમ પારસી કોમમાં તેમ બીજી શઘલી ગ્નાતોમાં તેમની આવી માઠી ખબરથી લોકોને વીજલીનાં વેગે હેવો ઓચંબો પેદા થયો કે જેનુ વરણનજ થઈ શકે નહી. મુંબઇથી નીકલેલા મોટી શંખ્યાના જાત-પરજાતનાં લોકોની ધુમચકરી મજગાંમ કેશલમાં ઉતરી પડી. અને સાંજ તથા રાતવેર લોકોનો આવજાવ ખુબ વધી પડયો, તેની સાથે દેશાવરોમાં ચોમેર તારોના સંદેસા ફરી વલેયાથી લાગતા વલગતાઓ અને ઓલખ પીછાન્યાઓ બોહલી સંખ્યામાં પોતે આવી લાગા-અને બીજે ઠેકાણુઓનાં સંખ્યાબંધ તારો ગમગીનીના અને દેલાશાના ફરી વલ્યા હતા.

એ મરહુમની પાયદસ્તની ક્રીયા બીજે દીને સહવારે એમના મજગામ કેસલ મધે કરવામાં આવી હતી. પાયદસ્ત કાઢવાનો વખત જો કે ૯ વાગતાનો ઠેરવવામાં આવ્યો હતો તોપણ સહવારનાં ૬ વાગતાની અંદર જરથોસ્તીઓનાં ટોળે ટોળાં ગમખવારી ભરયા દેખાવે કેસલમાં ભેગા થવા લાગયા અને આઠ વાગતામાં તો મજગામ કેસલનો અંદરનો કુશાદે જંગી હોલ તેમજ બાહર નાંખવામાં આવેલો ગંજાવર મંડપ ચીકાર ભરાઇ ગયા હતા. કેસલની બાહર શ્રીમંત શેઠયાઓની અને બાંનુઓની ગાડીઓની જબરદસ્ત અલગાર લાગી રહી હતી અને તે માટે પોલીસે સારો બંદોબસ્ત જાલવ્યો હતો. ગેહસારણાની ક્રીયા બરાબર ૮ કલાકે શરૂ થઇ અને તે પુરી થવા પછી સઘળાઓ સેઝદો કરવા ઉઠયા જેમ કરતાં ખાસ્સો એક કલાક લાગયો હશે. એ પછી સ્વાન જે મરનારનાં પાછળનાં રેહેવાના બંગલામાં મેળવામાં આવયું હતું તે બાહર કાહડવામાં આવતાં સઘલાંઓએ તેને છેલ્લું નમન કરયું હતું. એ વેલાનો દેખાવ ઘણોજ દલગીરીભરયો અને આંખમાં આંસુ લાવનારો હતો.

મજગામ કેસલમાં ભેગી મલેલી એ ગંભીર મીજલસમાં મુંબઈના સઘલા પારસી જાણીતાં ખાનદાનોનાં પ્રતીનીધીઓ હાજર હતા. એ ખાનદાનોમાં પીટીટ, વાડીયા, [illegible], ટાટા,

કામા, બેરામજી જીજીભાઇ, જીજીભાઈ દાદાભાઈ, શેઠખાનદાન, વાચ્છાગાંધી, પાંડે, દાવર, મોદી, માંડવાલા વીગેરે હતાં. એ બધામાં મરહુમના એક ખાસ દોસ્ત શેઠ નવરોજી માણેકજી વાડીઆ સી. આઇ. ઇ. તો છેકજ ગમગીન અને નસોસ પડી ગયા હતા. વલી યુરોપીઅનોમાં કીલીક નીકશન કંપનીના વડા ભાગયા એ૦ મી૦ એચ. ઈ. પ્રોકટર, મયુનીશીપલ કમીશનર મી૦ શેપરડ, મી૦ બરકેટ અને હીંદુઓમાં એ૦ સર વીઠલદાસ દામોદર ઠાકરસી મુળજી, શેઠ મનમોહનદાસ રામજી વીગેરે હતા.

મરહુમના રવાન પાછલ તેમને અવલમંજલ પોંહચાડવાને માટે મોટી વગવાલી મીજલસ પાયદસ્તે ગઇ હતી અને મરહુમ તરફનાં મોટાં માન ખાતર એકેએક જન પાંઉ પયાદાજ ગયા હતા. હરોલમાં મરહુમના પુત્ર મી૦ રૂશતમજી, નામદાર જસટીસ દાવર, અને ખા૦ બા૦ ફીરોઝ હોશંગ દસ્તુર મેજીસ્ટ્રેટ ચાલતા જણાતા હતા. રવાનની આગલ રસ્તો ખુલ્લો રાખવા માટે ઇંગ્રેજ પોલીસ કોનસ્ટેબલ કેટલાક સીપાઇઓ સાથે હતો. પાયદસ્ત નીકલવાની વખતે મજગામથી ગ્રાંટરોડ જતી આવતી ત્રામોને અટકાવવામાં આવી હતી.

મરહુમના માન અરથે અતરેનાં કેટલાંક જાહેર ખાતાંઓ જેવાં કે ગ્રાંટ મેડીકલ કોલેજ, ટેકનીકલ કોલેજ, સઘલી પારસી સ્કુલો, પારસી જીમખાનું, અતરેનું દાણાબંદર, વીગેરે બીજાં સંખ્યાબંધ ખાતાંઓ બંધ રાખવામાં આવયાં હતાં. વળી મુંબઇનાં પારસી તથા ઇરાની દુકાનદારોએ પોતપોતાની દુકાનો બંધ રાખી હતી.

સુરત શહેરના પારસી દુકાનદારોએ આખો દીવસ દુકાનો બંધ રાખી હતી, તેમજ પારેખ ટેકનીકલ સ્કુલ અને મ્યુનીસીપલ તાબાની ગુજરાતી નીશાળો અને સર જમશેદજીના પારસી ધરમખાતાંની નીશાળો ઉપરાંત શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઈ સરકારી હાઇ સ્કુલ અને સારવજનીક ઈંગલીશ સ્કુલ બંધ થઈ હતી. મરહુમનાં મરણ માટે દીલગીરી દરશાવવા માટે સુરતની પારસી પંચાયતની બોરડના સરનસીન ખા૦ બા૦ બરજોરજી નોશરવાનજી વકીલ તથા સરદાર દાવર કેખુશરો એદલજી મોદી, બાઇ ડોશીબાઈ જહાંગીરશાહ અરદેશર કોટવાલ, દસતુરજી રૂશતમજી જમશેદજી વીગેરેએ તરેતજે તારના સંદેશા મોકલ્યા હતા. એકથી વધુ જગોએ ઉઠમણાંબી થયાં હતાં.

વલશાડમાં જરથોસ્તીઓ ઉપરાંત બીજાઓ પણ દલગીર થયો છે. ત્યાંની બાઇ આવાંબાઇ હાઈ સ્કુલ, આવાંબાઈ લાઇબ્રેરી અને ૨૦ જ૦ એંગલોવરનાક્યુલર સ્કુલ મરનારનાં માનમાં બંધ રાખી પોતાની શોકની લાગણી જાહેર કીધી હતી.

અમદાવાદની સરવે પ્રજામાં ભારે દલગીરી ફેલાઇ હતી. નામદાર શહેનશાહની તાજપોશીને ટાંકણે દીલ્હી ખાતેથી પાછા ફરતાં મરહુમ સર જમશેદજી અમદાવાદમાં થોડો વખત થોભયા હતા, જે વેળાએ સરવે કોમોના આગેવાનોએ સારૂં માન આપ્યું હતું. અમદાવાદની પારસી પંચાયત તરફથી ઉઠમણું પણ થયું હતું.

એ ઉપરાંત બીજાં સંખ્યાંબંધ ગામો જેવાં કે ભરૂચ, નાગપોર, શેંગાહી, લેનોલી, હુબલી, સતારા, બદનેરા, જબલપોર, કરંજ, બીના, કલ્યાંણ, કાનપોર, બેલગામ, ભાવનગર, વરોડરા, તારાંપોર, બીલીમોરા, રાજકોટ, નવસારી, મલેશર, મઉ, ગણદેવી, ઇંડોર, સુરત-રૂસતમપુરા, જાલના, મદરાસ અને ધારવાડ, વલશાડ, ઇલાવ, પુણા, બારડોલી, ગણદેવી, ઉદવાડા, મુજફરપોર, મોરા, કલકતા, અલાહબાદ, નારગોલ, ભુશાવલ, જબલપોર, શોલાપોર, કાશમીર, ખેરગામ, દમણ, કલીકટ, જંગબાર, વીગરે વીગરે ઠેકાંણેથી તરતનાં દીલગીરીનાં સંદેસા ફરી વલ્યા હતા તે જુદા. હીંદુસ્થાનનાં દુરનાં દેશો ઇરાંનનાં સીરાજની અનજુમન, અને બીજા બે ઇરાંની વેપારીઓએ પણ મુંબઇની પારસી પંચાત ઉપર દીલગીરીના સંદેસા મોકલ્યા હતા. તેહરાંન ખાતે પણ ઇરાંનીઓએ શોક પાલીને પોતાનું કામકાજ બંધ પાડયું હતું.

મરહુમનાં ઉઠમણાં મુંબઈ ઉપરાંત જે જે દેશાવરો ખાતે થયાં હતાં—તેમાં સુરત, ભરૂચ, નવસારી, અમદાવાદ, ઇડોર, વરોડરા, ઓરંગાબાદ, વલશાડ, કરંજ, ગણદેવી, ઉદવાડા, મોરા, બારડોલી, પુણા, અમદનગર, રાજકોટ, ભુશાવલ વીગરે વીગરેનાં મઠકોએ થયાં હતા. જે વેલાએ મરહુમની કીરતીનાં ભારે વખાંણો ગાવામાં આવ્યાં હતાં. અને તેમાં મરહુમનું નામ જાહેર ભણતરોમાં લેવાનું ઠહેઉ હતું. એ નામ જરથોસતી ધરમકીરીયાની રીતી મુજબ મરહુમના અસલ જનમ નામ પરમાણે એટલે કાવશજી બેહદીન રૂસતમજી કરીને લેવાશે. વલશાડમાં તો રૂ. ૨૬) મરહુમનાં પુણ અરથે ધરમાદા અપાઇ હતી.—ઉંઠમણાની કીરયા સાથે કેટલેક ઠેકાંણે ચાર દીવસની રૂવાંનની શરોશ વીગરેની કીયા પણ થઇ હતી. કરાંચીમાં ઉઠમણાનાં વખત સુધીમાં મરણની ખબર પડેલી નહી હોવાથી ઉઠમણું નહી કરી શકાવાથી ધણાકોને દલગીરી ઉપજી હતી. નવસારીમાં તો એમ બોલાયુ હતું કે આગલા એમના વડીલો પેહલા, બીજા અને ત્રીજા બેરોનેટનાં નામ અનજુમનમાં લેવાય છે તેમ એમનું પણ લેવું. અને દીલાસાપત્રો એમનાં કુટુંબપર મોકલવાં. નવસારીનાં લોકોએ તો પોતાનાં ધરોમાં ચોક-ચાંદન પુરવાનું બી એક દીવસ માંડી વાલ્યું હતું—અને સ્કુલો, દુકાનો વીગરે કેટલાંક ખાતાં બંધ રાખયાં હતાં. એ ઉપરાંત હીંદનાં બીજાં ધણા જુદાં જુદાં મઠકોએ દલગીરીની જાહેર સભાઓ ભરાઇ હતી—અને સંખ્યાબંધ ડેડાવો થયા હતા. તેઓ બધાનાં દેલાશાનાં સંદેસા, લખાંણો વીગરે મરહુમનાં કુટંબપર આવ્યા હતા, અને તેનાં બધાના માયાકુલ જવાબો આભાર ઉપકાર માંનવાના અતરેથી સર જમશેદજી પાંચમાં બેરોનેટ અને ડાવેજર લેડી ગુલબાઇ તરફથી ફરી વલયા હતા. તેમાં મુખ્ય કરીને મુંબઇની કોરપોરેશન જોગ, સુરતની કોરપોરેશન જોગ, સુરતનાં શેહરીઓની જાહેર સભાનાં માંનવંત પ્રમુખ સુરત જીલાના જડજ મી○ બોનસ ઉપર, પુણાની બઝમે રોજે બેહરાંમનાં મેમબરો જોગ, પુણાની અને થાણાની અનજુમનની મલેલી સભાના પ્રમુખો જોગ, સર જમશેદજી જીજીભાઇ પેહલા બેરોનેટનાં ધરમખાતાંનાં ટરશટીઓ ઉપર અને મુંબઇની પારસી જરથોસતી અનજુમનની મલેલી જાહેર સભાનાં માંનવંત શરનશીન શેઠ બમનજી દીનશાહજી પીટીટ ઉપર-વીગરે વીગરે મુંબઇની—અને દેશાવરોની જે જે અનજુમને તથા પ્રજાએ, અને બીજી જાહેર સભાઓએ, મંડલીઓએ—અને કંપનીઓએ મોકલેલાં સંદેસા અને દેલાસા પત્રોનાં જવાબોમાં પોતાનાં માંનવંત પીતાનાં ગમખાર મોહોતનો અફશોશ જણાવવા પછે—તમામ માયાકુલ ઉપકાર અને લાયકાત ભરેલી સભયતાની મેહરબાંની માંનવામાં આવી હતી. જે ઉપરથી હાલનાં પાંચમાં સર જ. જી. ની સભયતા, સમયશુચકતા અને ગંભીરાઈનું ધણું સરસ તોલ કરવાને વાંચનારી આલમ અને જાત પરજાતનાં લોકોને બની આવ્યું હતું.—એ ઉપરથી આપણ ઇછીએ છે કે એ નામવર જવાંન પુત્ર સર જ. જી. પાંચમાં બેરોનેટ અલબતાં આગલ જતાં પોતાની નામવરી અને કુટંબની જાહોજલાલી ઉતમ રીતે જાલવીને પોતાની કીરતી મહશુર કરતા રેહશે, કે જેમ કરવાને તે પરમેશવર તેમને જોઇતી શાહેતા બક્ષે.

મરહુમનાં ઉઠમણાની કીરયા એવોનાં ગુજરવાને ત્રીજે દીવસે બપોરે મજગામ કેસટલનાં દીવાનખાનામાં કરવામાં આવી હતી, જે વેળાએ મરહુમના અતલગના બેશીઓ તથા મીત્રો વીગેરેની મોટી ઠઠ મલી હતી. કીયા પુરી થવા બાદ સમસુલ ઓલમાં દસ્તુર દારાબ પેસોતન સંજાનાએ મરહુમ ચોથા બારોનેટનાં ભલાં કામોની સ્તુતી લંબાંણથી કરી—તેવણે મરહુમનું નામ બીજા અશોફરોહરના નામ ભેગું ભણતરમાં લેવાને જણાવ્યું હતુ—જેને પુનાવાલા દસ્તુર કેકોબાદ આદરબાદે ઘટતા શબદોમાં ટેકો આપયો હતો. બાદ મોબેદોમાં રૂપા નાણું વહેંચવામાં આવયું હતું. એ પછી મરહુમના પુણ માટે તેઓના કુટુંબીઓ તેમજ મીત્રો વગેરે તરફથી નીચે મુજબ રકમો ભરાઇ હતી :—

	રૂપયા.
બેહેસતનશીન નામદાર સર જમશેદજી જીજીભાઇ ચોથા બેરોનેટની પુંજીમાંથી....	૫૦૦૦
મરનારનાં વીધવા બાઇ ગુલબાઇ ડાવેજર લેડી જ○ જીજીભાઇએ	૫૦૦૦

મરનારનાં દીકરા રૂસતમજી તથા તેવણનાં ધણીઆણી શીરીનબાઇએ... ...	૫૦૦૦
મરનારના દીકરી સુનાબાઇ તથા તેવણનાં ધણી શેઠ માણેકજી શાપુરજી વાચ્છાએ.	૧૦૦૦
મરનારના દીકરી વીરબાઇજી તથા તેવણનાં ધણી જેહાંગીર દીનશાહ દાવરે ...	૧૦૦૦
મરનારના દીકરી જરબાઈ જમશેદજી જીજીભાઈએ.	૧૦૦૦
મરનારના દીકરી સુનાબાઇની દીકરીઓ પેરીન, નવાજબાઇ તથા શીરીને. ..	૨૫૦
મરનારના દીકરી વીરબાઇજીની દીકરી હીરાંબાઇએ	૨૦૦
મરનારના કાકાની દીકરી ખરશેદબાઇ રૂસતમજી જમશેદજી જીજીભાઇની પુંજીમાંથી	૨૫૦
"મરનારના એક મીત્ર."	૫૦૦
મરનારના મીત્ર શેઠ નવરોજી માણેકજી વાહાડયા સી. આઇ. ઇ. એ... ...	૫૦૦૦
શેઠ જાલભાઇ અરદેશર શેઠના.	૫૦૦
બાઇ જરબાઈ નવરોજી નશરવાનજી વહાડયા	૧૦૦૦
શેઠ નશરવાનજી નવરોજી વહાડયા.	૫૦૦
શેઠ રૂસતમજી નવરોજી વહાડયા	૫૦૦
બાઇ દીનબાઈ તે મરહુમ શેઠ ફરામજી શાપુરજી બાટલીવાલાના વીધવા	૫૦૦
શેઠ ધનજીભાઇ ફરામજી શાપુરજી બાટલીવાલા	૨૫૦
શેઠ રૂસતમજી ફરામજી શાપુરજી તથા તેવણના ધણીઆણી પીરોજબાઈ. ...	૨૫૦
ખા. બા. શેઠ હોરમજી માણેકજી ભીંવડીવાલા તથા શેઠ દોરાબજી ડોસાભાઇ ભીંવડીવાલા	૫૦૦
મરનારના બેહન બાઈ નવાજબાઇ તથા ધણી શેઠ પીરોજશાહ પેસ્તનજી જેહાંગીર.	૧૫૦
શેઠ ખરશેદજી રૂશતમજી I. C. S.	૫૦૦
શેઠ ધનજીભાઈ રૂસતમજી વહાડયા	૫૦૦
શેઠ ફરામજી રૂસતમજી વહાડયા.	૫૦૦
બાઇ મેરબાઇ સોરાબજી નશરવાનજી વહાડયા.	૨૦૧

ઉપર જણાવયા મુજબ રૂ. ૩૦,૦૫૧ કયાં કયાં ધરમખાતાંઓમાં આપવા તે હવે પછી જણાવવામાં આવશે. પણ તરત વેળા એટલું જણાવવામાં આવયું હતું કે ધી ઝોરાસ્ત્રીયન બીલડીંગ સોસાયટી સાથે ચોકસ બંદોબસત થશે તો તે મુજબ તે સોસાયટી હસતક મરનારના નામે તેવણની યાદગારી તથા પુણને માટે એક મકાન ઉભું કરવામાં આવશે.

ઉપલા રૂપીઆ ૩૦,૦૫૧ સીવાય બીજા રૂ. ૧૧૫૧ નીચે જણાવેલી વીગતે આપવામાં આવયા છે :—

		રૂપીયા.
શેઠ બેરામજી જીજીભાઇ પારસી ચેરીટેબલ ઇનસટીટયુશન ફંડમાં આપવામાં આવશે તેની વીગત :—		૮૦૦
શેઠ રૂસતમજી બેરામજી જીજીભાઇ તથા ધણીઆણી આવાંબાઈ. ...	૫૦૦	
શેઠ બેરામજી રૂસતમજી બેરામજી જીજીભાઇ તથા ધણીયાણી બાઇ જરબાઇ.	૩૦૦	
મરનારના ભાઇ શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજીએ મુંબઈનાં આંધળાંપાંગળાંઓની પરવરસી કરવાના પગારના ફંડમાં.		૧૦૦
સર જમશેદજી જીજીભાઇ ઇનસટીટયુશનના મુંબઈની સ્કુલના ગરીબ છોકરાઓને જમાડવાના ફંડમાં આપયા છે. તેની વીગત :—		૨૫૧
પુનાવાલા શેઠ પેસતનજી બમનજીએ	૨૦૦	
પુનાવાલા શેઠ પેસતનજી લીમજીભાઇએ...	૫૧	
		૩૧,૫૦૨

એ પછી વળી બીજી રૂ. ૧૩૦૧ ની રકમ પાછલી રાતનાં ઉઠમણાંમાં મરહુમનાં પુણ માટે અપાઇ છે:—

મરહુમની પોતાની પુંજીમાંથી રૂ. ૧૦૧ કુલે જરથોસતી રવાનોને અવલમંજલ પહોંચાડવાના ફંડમાં, મરનારનાં વીધવા ગુલબાઇ ડાવેજર લેડી જ૦ જીજીભાઇએ, રૂ. ૫૦૦, મરનારના દીકરા શેઠ રૂસતમજી તથા તેવણનાં ધણીઆણી બાઇ શીરીનબાઇએ, રૂ. ૫૦૦, મરનારના સસરા શેઠ રૂસતમજી અરદેશર વહાડયાની પુંજીમાંથી, રૂ. ૧૦૦, મરનારનાં સાસુ બાઇ નવાજબાઇ રૂસતમજીની પુંજીમાંથી, રૂ. ૧૦૦ મલી રૂ. ૧૨૦૦ ની નોટ પારસી પંચાયતને સવાધીન કરવામાં આવી છે અને એનું વયાજ કયાં ફંડમાં વાપરવું તે હવે પછી જણાવવામાં આવશે.

આ પ્રમાણે મરનારના પુનઅરથે કુલ્લે રૂ: ૩૨,૫૦૩ ની સખાવત થયલી જાહેર કરવામાં આવી હતી.

મરહુમ સર જમશેદજીનાં મરણનાં શોકની દલગીરી દરશાવનારા અને દેલાસાનાં સંદેસા અને પત્રો સંખ્યાબંધ આવ્યાં હતાં—તેમાં સઉથી વધુ ધ્યાંન ખેંચનારા મુખય આપણા હીંદના વાઇસરાય અને નામદાર ગવરનર જનરલ લારડ મીંટો અને મુંબઇનાં નામદાર ગવરનર લાર્ડ લેમીંગટન જેવા મોટા હાકેમોનાં સંદેસા નીચે મુજબના છે:—

સર જમશેદજી જીજીભાઇ પાંચમાં બેરોનેટ ઉપર મુંબઇનાં નામદાર ગવરનરના ખાનગી સેકરેટરીએ ગણેશખીંડથી નીચલો તારનો સંદેશો રવાના કરયો હતો:—

"નામદાર વાઇસરાયે તમારા પીતાના અકાળ મરણની ખબર બહુજ દલગીરી સાથે સાંભળી છે, એમ તમોને જણાવવાને મને ફરમાશ કરવામાં આવી છે, અને તમારા કુટુંબ ઉપર દીલાસાનો સંદેશો મોકલવાને તે નામદારે ફરમાવયું છે."

નામદાર ગવરનરના ખાનગી સેકરેટરીએ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઈ તે હાલના પાંચમાં સર જ૦ જી૦ બેરોનેટ ઉપર નીચલો તારનો સંદેશો મોકલાવયો છે:—

"તમારા પીતાના મરણની ખબરથી નામદાર ગવરનરને મોટી દલગીરી ઉપજી છે. લેડી જમશેદજી અને કુટુંબ ઉપર જે મોટી આફત આવી પડી છે તે માટે તેવણ નામદારની ખરી અંતઃકરણની દીલસોજી જાહેર કરજો."

મુંબઇના માજી ગવરનર લોરડ લેમીંગટને પાંચમાં બેરોનેટ સાહેબ સર જમશેદજી જોગ બહુજ માયાકુલ દીલાસાપત્ર લખયો છે, જેમાં તેવણના પીતાજીનાં અકાળ મરણ માટે અતીયંત ખેદ બતાવી એક જાહેર શેહેરી તરીકેના તેવણના સદગુણોની બહુ વખાણ કરયા છે, અને જણાવ્યું છે કે મરહુમ સર જમશેદજીને હું જાહેર સભામાં તેમજ સંસારી મેળાવડાઓમાં એટલી વખત મળતો ભેટતો રહયો હતો કે ટુંક વખતમાંજ હું તેવણને એક મીત્ર તરીકે પીછાનવા લાગયો. અને તેવણના ઉમદા સદગુણોને લીધે ભરોસો મેલવા લાયક અહસથ માનવા લાગયો.

નામદાર આગાખાને તારનો સંદેશો મોકલાવયો હતો કે, "આ દલગીરી ભરીયા બનાવ માટે મારી દીલસોજી સવીકારજો."

વડોદરાના નામદાર ગાયકવાડ માહારાજાએ પણ એવીજ રીતે પોતાની દલગીરી દરશાવી હતી.

પુણા મધે નામદાર સરકારની ધારા બાંધનારી કાઉનશીલની એક બેઠક તા૦ ૨૦ મી જુને થઇ હતીઃ-તે વેલાએ નામદાર ગવરનર સર જયોરજ કલારકે પોતાની બેઠક લીધા બાદ નીચે મુજબ વીવેચન કરયું હતું:—

"હવે હું એક બોલ વધુ બોલવા માગું છું. સર જમશેદજીના મરણના સમાચાર આપણે સરવેએ ઘણા ખેદ સાથે સાંભળયા છે. તેઓની સેવા ખાલી પારસી કોમનેજ નહી પણ મુંબઈ ઈલાકાની સરવે કોમોને ઉપયોગી થઇ પડી હતી. સર જમશેદજીના કુટુંબે પોતાની સખાવતને સબબે

હીંદમાં પોતાનું નામ મશહુર કીધું છે. કોઈ પણ કોમનાં ભલાં કામમાં મરનાર પોતાનો હીસસો આપવાને બાહેર પડતા હતા તથા તેઓ દરેક રીતે એક મહાન શેહેરી નીવડયા હતા."

મુંબઈની મયુનીશીપલ કોરપોરેશનની એક સભા તા૦ ૧૮ મી જુને મલી હતી. તે વેલાએ પ્રમુખ મી૦ ડને મરહુમ શર જ૦ ના બાબમાં જે વીવેચન કીધું હતું તેમાં જણાવયું હતુ કે ગઈ સભા પછી એક અતી દુખદાયક માંઠો બનાવ બનયો છે કે આપના એક ગોઠયા સર જમશેદજીનું અકાલ મરણ નીપજયું છે. તેમની ખોટ આપણ શભાસદોનેજ નહી, પણ આખી પારસી કોમને, મુંબઈ શેહેર અને ઇલાકાનેજ નહી પણ મને વાજબી રીતે કેહવું જોઇએ કે આખાં હીંદુસથાનને પણ ખમવી પડશે. તેવોએ સઘલી કોમનું–સઘલા વરગોનાં આગેવાનનું માંન અને વાહાલ મેલવયું હતું. તેવો બેરોનેટનો મોટો ઉંચો ખેતાબ ધરાવયા છતાં બહુ નમ્ર હતા–મેં મારો મીત્ર અને ગોઠયો ખોયો છે. તેમ તમો સઘલાઓનેબી તેવીજ લાગણી લાગતી હશે.–આનરેબલ સર ફીરોજશા મેહતા મરહુમને માટેનો ઠેડાવ રજુ કરતાં બોલયા હતા કે આખાં શહેરને તેમનાં મરણથી આંચકો લાગો છે–તેમનો વીલાપ કરવામાં આપણ શરવે એકસરખા શામેલ છઇએ. વીગેરેનું લંબાણ વીવેચન કરીને સભામા જે ઠેડાવ મુકયો હતો તે નીચે મુજબ હતો:—

"આ કોરપોરેશને સર જમશેદજી જીજીભાઇના દુખદાયક મરણની ખબર ભારે ખેદ સાથે સાંભળી છે અને તેમના અકાળ મરણથી મુંબઇના સરવેથી આગેવાન શહેરીઓ માહેલા એક જેઓ પ્રજાને લગતી સઘળી જાહેર હીલચાલોમાં આગેવાની ભરેલો ભાગ લેતા હતા તેમને ગુમાવવા માટેની દલગીરીભરેલી નોંધ કોરપોરેશન પોતાને દફતરે ચહડાવે છે. (૨) આ ઠરાવની એક નકલ દીલાસા સાથે મરહુમના કુટુંબ ઉપર મોકલવાની તે પોતાના પ્રમુખને સતા આપે છે અને (૩) મરહુમના માનમાં કાંઈ પણ કામકાજ બજાવયા વીના આજની સભા મુલતવી રાખે છે."

આ ઠેડાવને હીંદુ કોમ તરફથી ડાકટર સર ભાલચંદરે, યુરોપયનો તરફથી મી૦ હેરીસને, અને મોહમેદનો તરફથી મી૦ ફાજલભાઇ ચીનાઇએ ટેકો આપતાં ઘણા માયાફુલ વીચારો અને વીવેચનો કીધાં પછી ઠેડાવ પશાર કરી કશાંપણ કાંમકાજ બજાવયા વના કોરપોરેશન મરહુમનાં માનમાં મોકુફ રાખી હતી.–એ વીવેચનોમાં મી૦ હેરીસન હેવું બોલ્યા હતા કે:–"યુરોપયન કોમ તેમને એક આગેવાંન–મીલનશાર અને મલતાવડા શેહરી તરીકે પીછાંને છે. હેવી બાહારની સાદી જીંદગી ઉપરાંત તેવો પારશી કોંમ માટે તો, જીવતોડ અને સંખયાબંધ ફરજો બજાવતા કે તેનો ખયાલ વતીક ઘણાઓને નહી હશે. તેમનુ કુટુંબ તાજ અને દેશ તરફ અડાગ વફાદારી માટે જાંણીતું છે, અને તેવાં કુટુંબને માન આપીને શરકારે પોતાને ગોયા માન પમાડયું છે. જુના વખતને છાજતાં વીવેકને માટે તેવણનું કુટંબ પંકાયલું–પલોતાયલું છે, તેમાં મરહુમે ઘટતું વીવેક વાપડીને વધારો કીધો છે. ઈત્યાદી.

ઉપલા ઠેડાવની નકલો ડાવેજર લેડી જમશેદજી અને સર જમશેદજીને મલેલાનો આભાર પત્ર કોરપોરેશનની સભા ઉપર મોકલ્યો હતો, જેની નોંધ લેવામાં આવી હતી. એજ મુજબ મયુનીસીપલ સટેનડીંગ કમીટીની તા૦ ૧૭ મી જુનની સભામાંબી મરહુમને માટે દલગીરી દરશાવામાં આવી હતી.

સુરતની મયુનીશીપાલીટીની એક ખાસ સભા જે દીને મરહુમનું મરણ મુંબઈમાં નીપજેલું તે વખતે મલેલી હતી. તયાંજ મરહુમનાં મરણનો સંદેસો એક કમીશનર મી૦ બરજોરજી નશરવાંનજી વકીલને મલતાંજ–તરતજ કોરપોરેસનની તે સભા, મયુનીશીપલ નીશાલો, અને પારખ હુનરશાલા બંધ કરાવી–દલગીરીનો ઠેડાવ પશાર કીધો હતો.

મુંબઇની એનથરોપોલોજીકલ શોશાયટીની સભા તા૦ ૨૪ મી જુને રાયલ એશીઆતીક સોસાયટીમાં મલેલી–ત્યાં એરવદ જીવણજી મોદીએ અસતોદાંન વીશે ભાશણ કીધા પછે મી૦ જેમસ મેકડોનલ્ડે જણાવયું કે મરહુમ સર જમશેદજી આ સોસાયટીનાં એક ઉપયોગી શભાસદ હતા—અને

તેવો મલતાવડા તથા ભલા ગ્રહસથ હતા. તેમનાં મરણથી મુંબઇની દરેક કોમમાં દલગીરી ફેલાઇ છે. સભામાં પ્રમુખ એડવરડસ મારફતેદ લગીરીનો ઠેડાવ મરહુમનાં કુટંબ ઉપર મોકલવાનો ઠેડાવ થયો હતો.

એવોજ એક બીજો ઠેડાવ સટુડંટસ બ્રધરહુડની તા૦ ૨૧ મીએ મલેલી સભામાં પણ થયો હતો.

બીજી જે જે પરચુટણ મંડલીઓમાં મરહુમનાં મરણ માટે ખેદ બતલાવામાં આવયો હતો તેમાં ધી બેરામજી જીજીભાઈ કાલેજ યુનીયન; જરથોસતી ભાઇબંધોની મંડલી; ગરીબ જરથોસતીઓનાં રેહઠાંણોના ફંડની મંડલી; જરથોસતી ધરમસંબંધી કેળવણી આપનારી અને જ્ઞાન ફેલાવનારી મંડલી, પારસી સાઇકલીંગ કલબ, વીગરે વીગરેની મંડલીઓએ પોત પોતાની સભામાં શોક પાલીને તે ઠેડાવો મરહુમનાં કુટંબપર મોકલી આપયા હતા.

મુંબઈ યુનીવરસીટીની સેનેટની એક સભા તા૦ ૧૯ મી જુને મલી હતી. ત્યાં પણ યુનીવરસીટીના આ માનવંત ગોઠયા સર જ. જીજીભાઇનાં મરણ માટે મોટો ખેદ બતાવવાનો ઠેડાવ થયો હતો.

પારસી લેખક મંડલીની તા૦ ૨૨ મી જુને મલેલી સભામાં પણ હેવોજ દલગીરીનો ઠેડાવ પશાર કરી મરહુમનાં કુટંબપર મોકલવાનો ઠેડાવ થયો હતો.

પારસી એમબયુલનસ બ્રીગેડનાં સભાસદોની એક સભા તા૦ ૨૧ મી જુલાઈએ એલફીનસ-ટન હાઈ શકુલના મકાનમાં મલી હતી. ત્યાં પણ મરહુમનાં મરણનો ખેદ બતલાવી પ્રમુખ ડા૦ દીનાનાથ દાંડેકરે તેમની કારતી ગાઈ સંભલાવી હતી. અને એક ઠેડાવ પશાર કીધો હતો કેઃ-"એઓ શાહેબ આ સેંટ જોન એમબયુલેનસ બરીગેડના વાઇસ પ્રેસીડેંટ તરીકે ઘણી કાલજી ધરાવતા હતા-તેથી આ ખાતાંને તેમનાં મરણથી ઘણી ખોટ ગઇ છે"-વીગરે વીગરે. હેવોજ એક બીજો જુદો ઠેડાવ એમબયુલંસ વરગના મેમબરોએ પોતપોતામાં કરીને પોતાનાં કામકાજ બંધ રાખયાં હતાં.

જરથોસતીઓના માહાન પેગમબર અશો જરથોસત સાહેબનાં દીશાતું જશન, મુંબઇનાં જરથોસતી અનજુમનના આતસબેરામમાં કરવામાં આવયું હતું—ત્યાં આપના જાહેર વકતા મી૦ જાંહાંગીર જમશેદજી વીમાદલાલે જણાવયું હતું કે બાનુઓ અને ગ્રહસ્થો આપણને આજે એક ગંભીર ફરજ બજાવાની છે તે એ કે મરહુમ સર જમશેદજી જીજીભાઈ હક થયા છે, તેમને માટે દુવા ગુજારશું કે તેવો બેહસત મુકામ પોંચે અને તેમનાં કુટંબીઓનો ગમ ખોદાતાલા વીશાડે—ઇત્યાદી. વલી થાણાની દરેમેહરમાં થયલાં દેહ માસનાં જશનની મીજલસમાં પણ તેવીજ દલગીરી દરશાવામાં આવી હતી.

પુણા ખાતે જ્યાં મરહુમ સર જમશેદજી, વરશનો મોટો ભાગ મોશમશર વશવાત કરતા હતા ત્યાં એમનાં મરણની ખબર ફેલાતાં કુલ જરથોસતીઓએ તેમ અંગરેજો અને હીંદુ મુશલમાંનોમાં પણ મોટો ખેદ ઉપજયો હતો; અને મરહુમનાં ઘણાક પારશી બેહદીનો તથા દખણનાં વડા દશ-તુરજી કેકોબાદ પોતે પણ-પાયદસત-ઉઠમણાની કીરયામાં શામેલ થાવાને મુંબઇ પધારયા હતા. મરહુમનાં માન માટે પુણાનાં કેટલાંક જાહેરખાતાંઓ જેવાં કે સરદાર નોશરવાંન હાઇ શકુલ, પારશી અનજુમનની ગુજરાતી શકુલ, નેટીવ ઇનિસટીટીઉસન, સર દી. મા. પીટીટ જીમનેશીઅમ, વીગેરે કેટલીક જરથોસતી અને ઇરાંનીઓ વીગેરેની દુકાંનો બંધ રાખી હતી. તથા જરથોસતીઓએ પુણામાં પણ ઉઠમણાની જુદી જુદી કીરયાઓ કીધી હતી. તેમાં એક સર જ. જી.ની દરેમેહરમાં ને બીજુ પુણાની દસતુર હોલવાલી પટેલની દરેમહેરમાં પણ થયું હતું.

પુણાની બઝમે રોઝે બેહરામ નામની જાંણીતી મંડલીના મેમબરોની એક સભા તા૦ ૫ મી જુલાઇએ મલી હતી—તાંહાં એક માયાકુલ દેલાશાપત્ર વાંચવામાં આવ્યું હતું—અને એક ડેપ્યુટેશનની મારફ્તે તે સર જમશેદજી જીજીભાઇ પાંચમાં બેરોનેટને અને ડાવેજર લેડી ગુલબાઇને ખાસ પોંહચાડવાનો ઠેડાવ થયો હતો. દેલાશાપત્રમાં જણાવયું હતું કે જરથોસ્તી ટોલાના દુખભંજન રાજા સર જ. જી. ચોથા બેરોનેટનાં મરણુથી એમનાં કુટંબને તેમ આખી પારસી કોંમ સાથે આ બઝમને પણુ મોટું દુઃખ ઉપજ્યું છે કેમકે તેવો સાહેબ આ મંડલના મેરબાંન "પેટરન" હતા—અને એમનું કુટંબ આ બઝમને પેહલેથીજ ચાહાતુ અને મદદ કરતું આવ્યું છે, ઈત્યાદી, ભારે દેલાશો દરશાવ્યો હતો.

પુણાની જરથોસતી અનજુમનની એક સભા તા૦ ૨૫ મી જુલાઇએ ધી નશરવાનજી પીટીટ હાલમાં દખણુનાં વડા દસ્તુરજી સાહેબ ઠેકોબાદનાં પરમુખપણા હેઠલ મલી હતી. ત્યાં મરહુમનાં અકાળ મરણુ માટે દલગીરી દરશાવાનો અને તે ઠેડાવ મરહુમનાં કુટંબ ઉપર મોકલી આપવાના ઠેડાવ થયા હતા. એજ સભામાં પાંચમાં સર જમશેદજી બેરોનેટને પુણાની અનજુમનનાં પણુ અકાબર ગણુવાનો ઠેડાવ થયો હતો.

મરહુમ સર જમશેદજીનાં મરણુની નોંધ જાહેર વરતમાંન પત્રોએ તો હીંદુસથાંનનાં એક નાંકેથી બીજા નાંકાવેરનાં તમામ ગુજરાતી–મરાઠી ઉરદુ–વીગેરેનાં દેશી ભાશાનાં ન્યુશપેપરોએ લીધી હતી–તેમ અંગરેજી પત્રોએ પણુ લંબાંણુ આરટીકલો લખીને જબરો ખેદ બતલાવયો હતો—તે સાથે ઇંગલંડ અને યુરોપનાં ધણાંક પત્રોમાં એમનાં મરણુની ગમગીની બરેલી નોંધ આવી હતી–તે એટલા વેર કે ઈંગલંડનાં મહશુર–મોટા છાપા "લનડન ટાઇમશે" પણુ તા૦ ૧૮ મી જુનનાં પોતાના અંકમાં એક લાંબી શોકકારક આરટીકલમાં લખયું હતું કે–એમનાં મરણુથી પશચીમ હીંદુસ્થાનની આગલ વધતી અને વફાદાર પારશી કોંમે પોતાનો શવીકરાયલો વડો અકાબર અને મુંબઈનાં હીંદી મંડલેબી પોતાનો સંસારી વડો ગુમાવ્યો છે. વીકટોરીઅન અમલમાં એવણુનાં બપાવા પેહલા બેરોનેટે કરેલી પાદશાહી શખાવતમાં જ. જી. હાસપીટાલ મુખય છે. ત્યાં તેમનુ એક બાવલું મેલાયલું છે. નાઇટનાં ખેતાબનું–અને લનડન શેહેરનાં ફ્રીમેનનું માન પામનારા પેહલા દેશી એવો હતા. આપની તાજપોશીની દેશી રઇયતમાં એવોજ પેહેલા બેરોનેટ થયલા હતા. વાઇસરાયની કાંઉનશીલનાં કાયદા મુજબ દરેક બેરોનેટ પોતાનું બીજું ચાલતુ નામ બદલીને શર જ. જી. નું. નામ ધારણુ કરે છે. મરહુમ છેલા બેરોનેટે પેહેલું નામ શજીને પોતાનો ટેક–દરજજો અને વફાદારી જબરી શાચવી હતી–તેવો કોરપોરેશનના મેમબર, યુનીવરસીટીનાં ફેલો, શેહરનાં શેરીફ વીગરે હતા. તેવો પંચાયતનાં ફંડોનાં બખોનો વહીવટ ધણુી શારી રીતે કરતા, એટલુંજ નહી પણુ પોતાની કોંમમાં નવા શવાલોની ચરચા જુદદીન (યુરોપયન) ઓરત પરણુવાનાં બાબમાં ધણા શાવચેતીથી વરતતા હતા–અને કોમની કીરતી સાચવી રાખતા હતા. વીગરે બીજું કેટલુંક બયાંન કરીને ટાઇમિશે પોતાની લાંબી આરટીકલ પુરી કરી હતી.—ઈંગલંડનાં પત્રોએ એ મુજબ મરહુમની ખબર લેવા સાથે વલી યુરોપની પારસી એસોસીએશન મંડલીએ પણુ મરહુમનો શોક પાલવાનો અને તેમની યાદગારી જાલવવાના ઇરાદો રાખયો છે, કેમકે વેલાતમાં વસતા બધા જરથોસતીઓને મરહુમનાં મરણુની ખબર થતાંજ બધાઓને એક સરખી દલગીરી ઉપજી હતી.

મરહુમ સર જમશેદજી ચોથા બેરોનેટ જેવો મરહુમ સર જ. જી. પેહલા બેરોનેટે સથાપેલાં ધરમખાતાંનાં એક અધીકારી તથા પ્રમુખ હતા. તેવોનાં મરણુની નોંધ લેવા તથા તેવોની જગા પુરવા માટે કારોબાર મંડલીની એક સભા તા૦ ૧૦ મી જુલાઇને દીને શેઠ બમનજી દીનશાજી પીટીટનાં પ્રમુખપણા હેઠલ સર જ. જી. બેનીવોલેંટ ઇનસટીટયુટમાં મલી હતી. પ્રમુખ શાહેબે કેટલુંક વીવેચન મરહુમનાં સદગુણો વીશે કરયા પછે આ ધરમખાતાંનાં દફતરમાં નીચે મુજબની નોંધ કરવાનો ઠેડાવ થયો હતોઃ—

"નોંધ—નામદાર સર જમશેદજી જીજીભાઇ ચોથા બારોનેટ જેવણુ પોતાના જગપ્રસીધ બપાવાના આએ પારસીઓને વાસતે કરેલી સખાવતનાં ધરમખાતાંના સરનશીન હતા, તેવણુ રોજ ૮ મો માહ ૧૦ મો શેહેનશાહી ૧૨૭૭ યઝદેજરદી, તા૦ ૧૭ મી જુન ૧૯૦૮ ને વાર બુધને દીને બપોરના કલાક ૧–૨૦ (સ. ટા.) બેહેસતનશીન થયા તે ગમખાર બનાવથી આએ ધરમખાતાંની કારોબાર મંડળીના સાહેબોને ભારી દલગીરી ઉપજી છે. એઓ સાહેબના માનવંત પીતાજી બીજા બારોનેટનાં મરણથી ખાલી પડેલી જગાએ નામદાર સરકારે તા૦ ૧૦ મી અકટોબર ૧૮૭૭ ને દીને પોતા તરફના એક અધીકારી દાખલ અત્રેની કારોબાર મંડળીપર એવણુને નેમયા હતા. તયાર પછી ૧૮૯૮ માં એવણુના મરહુમ ભાઇ નામદાર સર જમશેદજી જીજીભાઈ ત્રીજા બારોનેટના હક થવાથી આએ ખાતાંની પંચાયતના સરનશીન નેમવામાં આવયા હતા; જે માનભરેલો ઓહો ઘણી ઉલટ અને ખંતથી ચલાવી આ ખાતાંના કારોબારમાં પોતાના પાકટ અનુભવ અને કુનેહનો અછો હીસો આપયો હતો. પોતાના જીનતગુજીન બપાવાજીનાં સથાપેલાં આએ ખાતાંમાં ૩૧) વરસની લાંબી મુદત સુધી એઓએ એના વહીવટમાં સામેલ રહી—સરનશીન દાખલ છેલ્લાં દશ વરસ સુધી પોતાની દેખરેખ રાખી આગેવાન ભાગ લીધો હતો. આએ ખાતાંએ એવા એક દીલસોજ અને સખી તએહના સરનશીન તથા ખેરખાહ મદદગાર તથા એવણુના હમશરીક અધીકારીઓએ પોતાનો એક કીમતી સાથી ખોયો છે, જે બનાવથી તેઓને બેહદ ગમગીની તથા ઉદાશી ઉપજી છે. એ મરહુમ શેઠના અશો રૂહ ઉપર ખોદા નેગેબાન હોજો તથા તે ઉપર સદ હજાર દરૂદ હોજો."

બીજું—ઉપલી નોધની નકલ એ મરહુમ નામદારનાં વીધવા દાવેજર લેડી ગુલબાઇ જમશેદજી જીજીભાઇ તથા તેવણુના પુત્ર નામદાર સર જમશેદજી જીજીભાઇ પાંચમા બારોનેટ તથા તેવણુના ભાઇ સેઠજી જમશેદજી ખરશેદજી જમશેદજી ઉપર સેક્રેટરીએ એક ઘટતો કાગળ લખીને મોકલવી.

બીજો ઠરાવ તે પછી થયો કે ખાતાંની સઘળી નોટો જે ૫) અધીકારીઓના નામપર છે તેમાંથી ચોથા બારોનેટને બદલે પાંચમા બારોનેટનું નામ મુકવું, તેમજ સરકારને પણ સરેસતાની રીતે લખી જણાવવું કે સર જમશેદજીએ સથાપેલાં ધરમખાતાંનાં સઘળાં કામકાજમાં મરહુમ ચોથા બેરોનેટની જગાએ હાલના સર જમશેદજીને કારોબાર મંડલીએ પોતાના પ્રમુખ ચુંટી કાઢયા છે."

જરથોસતી કોમના લાભ સાચવનારી મંડલીની એક સભા મરહુમ સર જ. જી. નાં મરણની દલગીરી દરસાવાને તા૦ ૨૩ મી જુને મલી હતી. સભાના પ્રમુખ શેઠ બમનજી દીનશાજી પીટીટે લંબાણથી વીવેચન કરતાં કહી શંભલાવ્યુ કે આ મંડલીના મરહુમ સદાના પ્રમુખ અને મંડલીને ઘણા ઉપયોગી હતા, અને તેમની ખોટ મંડલીને મોટી ગઇ છે, એટલુંજ નહી પણ તેમનાં મરણથી હીંદુસથાને એક મોટો દેશી, મુંબઇએ મોટો શેહરી, ગરીબોએ એક ખયરઅંદેસ, અને પારસી કોમે કમનશીબે એક સાચો અને દેલશોજ ખેરખાહ અને એવણુનાં કુટંબે તો એક વીરસોજ ગુમાવ્યો છે. એ વીગેરેનું ઘણું અસરકારક વીવેચન કરયું હતું—તે પછે સભામાં મી૦ જાહાંગીર જમશેદજી વીમાદલાલે જે ઠરાવ રજુ કીધો તે નીચે મુજબનો હતો:—

"આપણી કોમના વડા અકાબર અને કોમના લાભ સાચવનારી મંડળીના માનવંત પ્રમુખ નામદાર સર જમશેદજી જીજીભાઇ ચોથા બેરોનેટનાં અકાળ મરણ માટે આ સભા પોતાની અંતઃકરણની દલગીરી જાહેર કરે છે. આ મંડળીની સ્થાપના મરનારની દીલસોજીને આભારી છે કે જે વીના એવી મંડળી સ્થાપવાનું કામ બહુ મુશકેલ થઇ પડતે. મંડળીના પ્રમુખ તરીકે મરનારે પોતાની કીમતી સલાહ તથા રાહબરીથી મંડળીને ઘણી કીમતી મદદ કીધી છે અને કોમના વડા અકાબર તરીકે કોમનાં અનેક ઉપયોગી ધર્મખાતાંઓના વહીવટમાં તેમજ કોમના લાભના અગતયના સવાલોમાં આગેવાની લઇને કોમની ઘણી અગતયની સેવા બજાવી છે. મરનારનાં અકાળ મરણથી આ મંડળીને તેમજ આખી કોમને મોટી ખોટ ગઇ છે તેની નોંધ લેતાં આ સભાને અત્યંત ખેદ ઉપજે છે. આ ગમખાર

બનાવથી મોટા ગમમાં આવી પડેલાં મરનારનાં વીધવા દાવેજર લેડી જમશેદજી, બેટા બેટીઓ તથા બેશીઓ તરફ આ સભા પોતાની દીલસોજી જાહેર કરે છે અને આ ઠરાવની નકલ મરનારનાં વીધવા દાવેજર લેડી જમશેદજી તથા બેટા સર જમશેદજી જીજીભાઈ ૫) મા બેરોનેટ ઉપર મોકલી આપવા સેક્રેટરીઓને અરજ કરે છે."

ઉપલી મંડલીને અશતેકની ઝોરાસ્ટરીઅન બીલડીંગ સોસાઇટીની સભાએ પણ હેવોજ દલગીરીનો ઠેડાવ જુદો પસાર કરયો હતો.

શ્રી શુરતનાં પુરાતન શેહેરમાં મરહુમ સર જમશેદજી જીજીભાઇ ચોથા બેરોનેટનાં મરણની યાદગારી અને દેલશોજી માટે એ શેહેરના પારસી–હીંદુ–મુશલમાન અને કરીશચીઅન વીગેરેની શઘલી કોમના રેહવાશીઓની એક મોટી સમસત જાહેર સભા તા૦ ૨૯ મી જુનને દીને શુરતનાં મયુનાંશીપાલ હાલમાં મલી હતી–એ સભા બોલાવવાનાં આમંત્રણ ત્યાંની જુદી જુદી કોમના નજદીક પચાશ ગ્રહસથોની તરફથી કરવામાં આવયાં હતાં—તે મુજબ સભામાં બીરાજેલા ગ્રહસથોનો શુરત અને તેની આશપાશનાં ગામોનાં તમામ વરગનાં આગેવાંનો અને જાંણીતાઓનો મસમોટો મેળાવડો જમયો હતો. સભાના પ્રમુખપદે શુરતનાં કલેક્ટર મી૦ બોનસ પોતે બીરાજ્યા હતા. તેવોએ પરથમમાં જણાવ્યું કે મરહુમ સર જમશેદજી જેવા નરનાં મરણનો ખેદ બતલાવા અને આ શુરત શેહેર તરફના દેલાશાપત્ર મોકલવાને આપણ આજે મળ્યા છૈયે–મરહુમનાં સદગુણોનું વરણન અતરેનાં જુદા જુદા ગ્રહસથો જેવો તેમનાથી વધુ વાકેફ છે તેવો કરશે. મી૦ ઇશવરદાસ સટોરે પેહલું બાશણ કીધું કે આખી શુરતની પ્રજા સર જમશેદજીના મરણથી દલગીર થઇ છે તે આજના બધી કોમના આગેવાંનોની હાજરી ઉપરથીજ જણાય છે. એ પછે તેવોએ સભામાં તઇઆર થયલું લંબાંણ દેલાશાપત્ર જે મરહુમ સર જમશેદજીના બેટા પાંચમાં સર જ. જી. ઉપર મોકલવાનું હતું તે વાંચી સભળાવયું, જેનો સાર એ હતો કે હીંદવાશી પારસી કોમનાં વડા પેહલા બેરોનેટનો માનવંત ખેતાબ ધરાવનાર શકલ ઉંચ ગુણોનાઃ ભુશણથી ઉજવલ અને નીરમલ રેહણીથી આખા પ્રજામાં માંન પામેલા હાવા નરનાં મરણથી આ પુરાતન શેહરના વતનીઓ અતી શોકમાં ગીરફતાર થયા છે. અને તેમનાં કુટંબનાં દુખમાં ભાગ લેવાને અતરેના પારસી, હીંદુ, મુસલમાંન–અંગરેજો એકઠા મલ્યા છૈએ. સર જમશેદજીનું કુટંબ તે પારસી કોમનું ભુશણ છે, એટલુંજ નહી આખા દેશને એક મહાન નરની ખોટ ખમવી પડી છે. વીગરે બીજુ પુશકલ લાંબુ વરણન સર જમશેદજીનાં કુટુંબની સખાવત અને ભલા ગુણોનું કરવા પછી શેવટે ઇછવામાં આવ્યું હતું કે પાંચમાં સર જમશેદજીને ઇશવર દીરઘાયુષય આપો અને નેકી–સખાવત–તથા કુટંબની અમર કીરતી જાલવવાને સામરથવાન થાવો.

ઉપલી મતલબનો લંબાંણ દેલાશાપત્ર મી૦ શટોરે વાંચી રહેઆ પછે પોતાની તરફનું પણ તેવુંજ શરશ લંબાંણ વીવેચન કરીને દરખાસત મેલી કે આ દેલાસાપત્ર આપની આજની સભાના મેરબાન પ્રમુખ શાહેબ જીલા જડજ મી૦ બોનસે પોતાની સહી કરીને મરહુમના બેટા સર જ. જી. પાંચમાં બેરોનેટ ઉપર અને ડાવેજર લેડી બાઇ સાહેબ ગુલબાઈ ઊપર તેમને લાયકનાં બોલોનાં ફેરફાર કરીને મોકલી આપવું. એ દરખાસ્તને ટેકો આપતાં મી૦ કાલાભાઈ લલુભાઇ વકીલે, ખા૦ બા૦ ડોશાભાઈ પેશતનજીએ, ખા૦ શા૦ મોલવી અબદુલ કાદરે વીગરે ઘટતાં વીવેચાનો કીધાં હતાં. દરખાસત ઘણી ગંભીરપણે પ્રમુખના કેહવા મુજબ શઘલી મીજલસે એકમતીથી પશાર કીધી હતી. પ્રમુખનો ઉપકાર માંનતાં શુરતનાં પારસી કોમના વડા અકાબર સરદાર દાવર કેખુશરો એદલજી મોદીએ કહેલ કે જીલાના વડા હાકેમનાં પધારવાથી આજની સભાનો મોભો વધ્યો છે. સર જમશેદજીની સખાવત અને સદગુણો માટે અતરે ઘણું બોલાયું છે, પણ તેમનુ આટલું જલદી મરણ નીપજવાનું [illegible] એ કારણ અટકલાય છે કે પારસી પંચાયત વીરુધ જે હાઇ કોરટમાં એક ગુચવણભરયો–(ઉકેલી ન જાય તેવો) મુકદમો ચાલે છે તેની જંજાલીની ઇંતેજારીમાં મરહુમે પોતાનો જીવ ખોયલો

જણાય છે–ઇત્યાદી. પરમુખે પોતા તરફથી પાછો આભાર માની મીજલસ ઘણી ગંભીરાઇથી છુટી પડી હતી.

મરહુમ સર જમશેદજી ચોથા બેરોનેટનાં મરણ પછી મોટાં મોટાં ખાતાંઓમાં જે તેમની નેમણુકો હતી–ને હોધાઓ ભોગવતા હતા તે શરવે ખાતાંઓમાં પાછા તેમની જગા ઉપર તેમનાં બેટા પાંચમાં સર જમશેદજી બેરોનેટને નેમવાની બાબદ શઉથી મોટી અને અગતની [illegible] કે આજ વેર પેહલા બેરોનેટની પછી તે અતયારવેર તેમની જે પાંચમી બેરોનટસી [illegible] શરૂઆત જે સને ૧૮૫૭નાં મે માસની ૨૪ મી તારીખે નામદાર માહારાંણી વીકટોરીઆની શાલગરેહને દીનેથી થઇ હતી યાને ને દીને નામદાર પેહલા બેરોનેટ સર જમશેદજી જીજીભાઈને આ માંનવંતો ખેતાબ મળયો હતો–જેને અતયારવેરની મુદતમાં બરાબર અરધી સદી અથવા પચાશ વરશની મુદત ગુજરી છે–તે દરમેયાનમાં હરેક બારોનેટનાં મરણ પછે તેમનાં ફકદાર વારેસ તે બીજા–ત્રીજા–બેરોનેટોનેજ તે શધલાં હોધા અને માંન પાનો મલતાં રહેઆં છે–અને એ કુટુંબની શાહેબી જોતાં વાજબીજ તે નેમણુક ગણાતી આવી છે–અને પારશી કોંમ તે ખુશી શાથે સવીકારતી રહી છે, એટલુંજ નહી પણ નામદાર શરકાર પણ તેને માટે બાહાલી આપતી આવી છે. એ રીતે પેહલા બે બેરોનેટો તો આપમેલેજ કોંમના અને ટોલાના "લીડર" અથવા વડા ગણાયા હતા–પણ ત્રીજા–ચોથા–બેરોનેટોને માટે વલી ખાસ પારસી અનજુમનોની સભાઓ મેલવીને તેમાં ઠેડાવો પાસ કરીને હેવી–નેમણુકો થઇ હતી.–તે તરીકા મુજબ આ વેલાએ પાંચમાં સર શાહેબનીબી નેમણુક કરી લેવી–હેવી જ્યારે મરહુમ ચોથા બેરોનેટનાં મરણ પછેના થોડાક દીવશની મુદતમાં વાત નીકલી ત્યારે વલી આ વખતે એક નવીજ વાત ટોલામાં ઉભી થઈ કે પારસી કોમને એક વડાની અગત સું છે ઇત્યાદી; કંઈ મતફેર જેવું પ્રગટીયું, પણ તે શારાં ભાયગે થોડાકજ શાહેબોનું કેહવું હતું–એટલે કોંમનો મોટો ભાગ તો જેમ અશલથી ચાલતુ આવે છે તેમજ ચાલવાને રાજી હતો. એ ઉપરથી જ્યારે ૫૭૦૦ની મોટી સંખયાની જરથોસ્તીઓની શહીઓનુ એક રેકવીજીસન પારશી પંચાયતનાં ટરશટી શાહેબો જોગ તૈયાર થયું કે પાંચમાં શર જમશેદજીને કોંમના વડાની નેમણુક કરવા અનજુમનની શભા બોલાવવી–ત્યારે ઉપર કહેયું તેમ તેની શાંમે કંઈ પરોટેશટ કરવા જેવું વલી એક બીજુ રેકવીજીસન ફરતું થયું અને તેની ઉપરબી બેએક હજારની શહીઓ થયલી કેહવાઈ. ખરેજ આ મામલો પેહલી નજરે ઘણો ગંભીર અને માંકો ટોલાનાં શમજુ ભાગને લાગો અને કોંમમાં ચકચાર ચાલીકે એ કંઈ શારાં ચીનહ નથી અને હેવી મતફેરીથી ઓર કોંમમાં કડવાસ વધી પડી બે તડ જેવું થશે–અને શરકાર દરબારમાં શારૂં નહી લાગશે. પણ શુકર બારેહકતાલાનાં ! અને હજુરબી પારશી કોંમનાં વડીલોનાં પુન્ય પરતાપ આડે આવ્યાં કે આ નાખુસ બનાવનો અંત અને તોડ ઘણો શરશ રીતે આવી ગયો; અને સઘલું સમાધાનીથી પાર પડીને અને જે કોંમે ધારયું તું તે મુજબનુજ પરીનામ આવ્યું કે પાંચમાં સર જમશેદજી બેરોનેટ પોતાની માંનવંત પદવીએ નેમાઇ ચુકા છે. આ એક મોટી યાદગારી જેવાં કોંમમાં હાલનાંજ તરતના આપણી કોંમમાં વધેલા ત્રીજા નવા બેરોનેટ સર કાવશજી જાહાંગીર રેડીમનીએ આ કાંમનું માનવંત બીડું જડપી લીધું અને પોતે વચે પડીને કોંમનાં ઘણાક આગેવાંનોને પોતાને મકાંને બોલાવીને બે ખાંનગી સભાઓ પેહલા મેલવીને બેઉ તરફવાલાઓનું બોલવું સમજી લઇને તથા અરશપરશ શમજુતી કરી લઇને અનજુમનની સભાનું કામ શેહલ કરી દીધું અને સભામાં સર પાંચમાં બેરોનેટની ટોલાના વડાની નેમણુક સમાંધાંણીથી એકામતીથી–કાંઇ પણ શામા વાંધા વીશટી વગર પશાર થઈ જાય હેવું નક્કી કરી લીધું. શાબાસ ! સર રેડીમનીની હીકમત, શુભ ઇચ્છા અને કારશાજીને ઘણી શાબાસી ઘટે છે, અને તેમનાં એ કામમાં શામેલગીરી કરીને સમાધાંણીથી સઘલું પાર પાડવામા આપણી કોંમના જે બીજા માંનવંત શાહેબો જેવા કે નામદાર જડજ મી૦ દીનશા ધનજીભાઈ દાવર, સર ફીરોજશા મેરવાંનજી મેહતા બેરીસટર અને સર જમશેદજીનાં કુટંબ તરફ અશલથી વાહલ અને દોસતી ધરાવનાર શેઠ નવરોજી માંણેકજી વાહાડીઆ વી

આઈ. ઇ., કે જેવો એજ પારસી અનજુમનની મલેલી સભાનો થયલો સઘલો ખરચ પોતાની ગીરેથી ખુશીથી આપ્યો હતો, તેવો અને બીજાબી કેટલાક આગેવાન શાહેબોએ એ સમાધાંનીમાં કાંમમાં શામેલ થઇને એ કાંમમાં ઘટતી સમજુતી કરી આપી છે, તેવો પારસી કોંમ અને ટોલાનાં જાવેદાંનના માંનને લાયકનાં ઠડી ચુકા છે. આ સાહેબોએ અનજુમનની સભામાં પશ્નાર કરવાનો જે ઠેડાવ પોતપોતામાં વાદ વીવાદ કરીને તથા પાંચમાં સરની મુલાકાત મેલવીને જે નકી કીધો હતો તે ઠેડાવ રેકવીજીસન કરનારા અને પરોટેસ્ટ કરનારાઓનાં મન મનાવા જેવો થયો છે–પણ તેમાં માત્ર શબ્દ રચનાની હેરફેર શીવાય કશોબી મોટો હેરફેર કે કસુંબી અસલ ઠેડાવ કરતાં જુદી જાતનું બનયું નથી; એ મોટી નશીબની વાત શમજાય છે–તે એ કે આગલા ઠેડાવોમાં પારસી કોંમના "પ્રમુખ" નો બોલ હતો તે બરોબર છે ને તેજ કાયમ રાખવો અને હરેક જાહેર વાતમાં પાંચમાં બેરોનેટે પારસી પંચાતનાં અકાબરોની શહલા લેવા સાથે ટોલાનાં બીજા શમજુ શાહેબોની સહલા પ્રમાણે વરતવું હેવા ફેરફારનો ઠેડાવમંજુર રખાયો છે, જે અનજુમનની સભાનાં હેવાલમાં હેઠલ માલમ પડશે. આ શમાધાંણીથી આખી કોંમને સંતોશ ઉપજયો હતો.

ઉપલી સમજુતી મુજબ અને પેલાં ૫૭૦૦ શહીનાં રેકવીજીસનની માંગણી મુજબ પારસી પંચાતનાં ટરશટી શાહેબોએ રોજ ૧૭ મો માહા ૧૧ મો સને ૧૨૭૭ યઝદેજરદી, તા૦ ૨૬ મી જુલાઇને રવીવારે પારસી અનજુમનની એક જાહેર સભા આલબલેશ બાગમાં બોલાવી હતી–જેના પ્રમુખશથાંને આપણી કોંમનાં માંનવંત અને ખરા લાયક ગ્રહસથ શેઠ બમનજી દીનશાજી પીટીટ બીરાજયા હતા—જેવોએ પોતાની ચપલતાથી અને એક ઘણાં સરસ છટાદાર લંબાંણ ભાશાણથી આખી સભાનાં મન જીહતી લીધાં હતાં. સભામાં મરહુમ ચોથા બેરોનેટનાં મરણનો ખેદ અનજુમન તરફ [illegible] લાવી અનજુમનનાં દફતરમાં નોંધ કરવાનો ઠેડાવ કરવામાં આવ્યો હતો અને ત્યાર પછે નવા [illegible] ાં બેરોનેટની અનજુમનનાં સરનસીન તરીકેની નેમણુક કરવામાં આવી હતી–તે કાંમની પશ [illegible] માટે મુંબઇનાં જરથોસતીઓની જેમ મોટી ઠઠ એકઠી મલી હતી–તેમ મુંબઈ છોડી દેશાવ [illegible] સંખ્યાબંધ અનજુમન અને જરથોસતી શાહેબોનાં ખાસ પુસકલ સંદેસા અને સભાના કામન [illegible] દગી અને બાહાલી માટે લગભગ પચાસ ગાંમોના જરથોસતી રહીસોના પત્રો આવેલાં સભામાં રજુ કરવામાં આવ્યાં હતાં. પ્રમુખ સાહેબે પોતાનાં ભાશણમાં મરહુમનાં સદગુણોનું બયાંન ઘણા અસરકારક બોલોમાં કરતાં એક જગોએ મીશળ આપી હતી કે ફારસીમાં એક બેત છે કે—"ખાક શવ ખાક તા બુરૂથદ ગુલ—કે જુઝયખાક નીસત મઝહરે ગુલ" યાને "મતીની માફક થા કે તમાંથી ગુલાબ ઉગે કેમકે મતી શીવાય ગુલાબનો બીજો આયનો નથી"—અથવા મટોડી વગર ગુલાબનું ઝાડ ઉગે નહી, તેમ સર જમશેદજીનાં સદગુણોને ગુલાબનાં જાહાડ સાથ સરખાવીને તેમનાં ભલા ગુણોનું લંબાંણ વરણન કરયું હતું—તેવો કેવા ધરમાસટ હતા, તેના નમુનેદાર દાખલા આપ્યા હતા. સને ૧૮૯૪ માં એવો પારસી પંચાયતનાં ટરસટી અને સને ૧૮૯૮ માં સરનશીન નેમાયા હતા, ત્યારથી એમનાં કાંમ જોઇને સઘલા ટરસટીઓને ઘણી સારી અસર થઈ હતી. પારસી પંચાયતની સાંમેના હાઈ કોરટવાલા મુકદમામાં મરહુમે લીધેલી ઉલટની યાદ આપી હતી, કે આખો દીવસ અને મોડી રાત વેરબા તેવો તેની કાલજી કરતા હતા અને વારંવાર કોરટનાં દાદરાઓ ચઢતાં મરહુમની છાતી અથવા હારટપર અસર થયાથીબી વખતે એમનું મરણ નીપજ્યું હોય તો જાણો કે તમારાં ધરમખાતાંનાં ફંડોની જાલવની અને કોંમની સવચ્છતા જાલવતા કાંય નહી એમનાં જાંનનો ભોગ થયો હોય! એ પછી એજ મુકદમાને લગતી એક બીજી અગતની બાબદ પ્રમુખ સાહેબે સભામાં જાહેર કીધી તે બહુ અગતની અને પારસી કોંમને ઘણી જાણવા જોગ હતી—મરહુમ સર સાહેબની હઇઆતીમાં એમ બોલાયું હતું કે સને ૧૯૦૨ માં નવાં પારસી વરસને દીને લંડનમાં થયલાં ખાણાંની મીજલસમાં એવો સાહેબ હાજર હતા ત્યારે જાણે હેવું બોલ્યા હતા કે વેલાતમાં [illegible] પારસી ગ્રહસથના ફ્રેંચ બાનું સાથનાં થયલાં લગનને જાંણે બાહાલી આપી હોય અને હેવું

બોલયા હોય કે પારસી કોંમ એવાં લગનોને આવકાર દેશે. સરનશીન સાહેબે હીંઆં કહી સંભલાવ્યુ કે—હું તમોને સારી સતાથી જણાવાને સામરથવાંન છું કે મરનાર સર જમશેદજી તે પરસંગે હેવુ કાંઇ બોલ્યાજ નહી હતા! આ ઇશારો મારી ફરજ ખાતર અતરે કરૂંછું—વીગરે કહીને સર જમશેદજીનાં ભલા ગુણોનું ગવરનર જેવાઓએ કરેલું વરતાંત કહી સંભલાવીને પોતાનું ઘણું માયાકુલ ભાશણ સમાપત કીધું હતું. પણ તેમ કરતાં ભાશાંણના બીજા અથવા છેલા ભાગમાં હાલના સર જમશેદજીની નવી નેમણુક કરવાનાં બાબમાં ઘણી લંબાંણ સમજ દાખલા દલીલો સાથ આપીને સભાજણોનાં મનપર સારી રીતે ઠસાવ્યું હતું કે હાલનાંજ પાંચમાં બેરોનેટને કોંમના પ્રમુખ નેમવામાં ઘણા ફાયદા છે. અને આશા બતલાવી કે હાલનાં સર તે કાંમને માટે ઘણાજ લાયક નીવડશે હેમાં કશો શક શુબેહ નથી.

સભાનો પેહલો ઠેડાવ રજુ કરવાને આપણા એક જાણીતા વકતા ડાકટર સુખયા પેહલાં ઉઠયા હતા—પણ તેઓ અસલ ઘડાયલા ઠેડાવમાં કંઈ બોલોનો ફેરફાર કરવા માંગતા હોવાથી સભાએ તે નાપસંદ કરતાં—અસલ ઠેડાવ તેમને બદલે પુણાવાલા દખણના વડા દસ્તુર કેકોબાદ આદરબાદે પોતાની તરફનાં ઘટતાં વીવેચન સાથે રજુ કરયો; જે નીચે મુજબનો હતો :—

ઠરાવ પહેલો—"મરહુમ શેઠ કાવશજી ખરશેદજી જમશેદજી તે નામદાર સર જમશેદજી જીજીભાઇ ચોથા બારોનેટ, જેવણ રોજ ૮ મો દેપાદર, માહા ૧૦ મો દેહ શેહેનશાહી સને ૧૨૭૭ યઝદેજરદી, તા૦ ૧૭ મી જુન ૧૯૦૮ને દીને મુંબઈમાં 'મેઝગોન કેસટલ' ખાતે હક થયા છે, તેવણનાં શોકજનક મરણથી આપણી અનજુમનને મોટી દલગીરી ઉપજી છે. આપણી અનજુમને એવણ સાહેબને પોતાની તા૦ ૭ મી આગસટ ૧૮૯૮ ની સભામાં પોતાનાં વડા યાને પ્રમુખ નેમયા હતા, તે દીવસથી પોતાનાં મરણ તુલાક નજદીક ૧૦ વરસ સુધી એવણ સાહેબે પોતાનો ઓધો અંનજુમનનાં પુરતાં માન અને સંપુરણ વીશવાસ સાથ ભોગવયો હતો. પોતાના ટોળાનું જેબી કાંઇ ભલું કામ નીકળતું તેમાં એવણ ઉદયોગ, ઉમંગ અને ઉલતથી ભાગ લેતા હતા. આ છેહલા દાહેકામાં આપણી કોમમાં બે નવી મંડળીઓ સથપાઇ છે. એક "જરથોશતી ધરમ સંબંધી કેલવણી આપનારી અને જ્ઞાન ફેલાવનારી મંડળી" અને બીજી "જરથોશતી કોમના લાભ સાચવનારી મંડળી." એ બેઉ મંડળીઓનાં કામોમાં તેઓની સથાપણાના વખતથી એવણે ઘણો ઉલટભરયો અને આગેવાન ભાગ લીધો હતો. પારસી પંચાયતના ધરમખાતાનાં એક ત્રસટી તરીકે ૧૪ વરસ અને સરનશીન તરીકે ૧૦ વરસ એવણે એ ધરમખાતાંનો કારોબાર પોતાના હમશરીક ત્રસટી સાહેબો સાથે મળી ટોળાના વીસવાસ સાથે ઘણી મેહેનત લઈ ઉલટથી ચલાવયો હતો. પારસી પંચાએત સામેના છેહલા મુકદમામાં પારસી કોમની એકયતા અતી પ્રતીશઠા જલવાય એવા વીચારથી એવણ સાહેબે પોતાની તંદરોસતીના ભોગે સહવારથી રાત સુધી તસ્દી લઈ અતી ઘણી મેહેનત લીધી હતી. આપણી કોમનાં ભલાનાં સરવે કામમાં આગેવાન અને ઉપયોગી ભાગ લેવા ઉપરાંત એવણ સાહેબે મુંબઇની પ્રજાનાં ભલાં માટેનાં સરવ સારવજનીક કામોમાં સરવના ચાહ સાથ આગેવાન ભાગ લીધો હતો, જે માટેની કદરશનાશી મુંબઇનાં ઘણાંક ખાતાંઓમાં નોંધાઇ છે, અને જેમ આપણાં શેહેરની કોરપોરેશન અને યુનીવરસીટીએ તેમ આપણાં શહેર અને દેશના હાકેમોએ પણ તેની કદર બુજી છે. સર જમશેદજીનું પારસી ટોળાનું માનીતું અને વાહાલું નામ એવણ સાહેબે તેની ભલી કીરતી સાથે જાલવી રાખયું હતું. પોતાના વડીલો, તે આગલા સર જમશેદજીઓના સદગુણો—સાદાઇ, નમાનાપણું મીલનસારી અને સાલેસાઈ-તેવણે પોતાનાં બુલંદ દરજજા સાથ અને એક સુધધા ગ્રહસથને છાજે એવા અમીરી ખવાસ સાથે જાલવી રાખયા હતા. પોતાના ટોળાના ભલા માટે અને પોતાનાં શેહેરની બેરખાહી માટે ઘણી ઉતકંથા દેખાડનારા આવા એક અકાબરને ખોહવા માટે આપણી અનજુમનની આ સભા દલગીરીની અત્રે નોંધ લે છે."

બીજો ઠેડાવ—ઉપલા પેહલા ઠેડાવની નકલ અનજુમનનાં દફતરમાં નોંધવાની અને તે નકલો સર જમશેદજી પાંચમાં બેરોનેટ તથા ડાવેજર લેડી જમશેદજીપર મોકલવાનો ઠેડાવ થયો હતો—જેની દરખાસત શેઠ રૂસતમજી પટેલે ઘટતાં વીવેચન સાથે કરી હતી—અને ડા૦ જાંહાંગીર લીલાંઉવાલાએ તેને ટેકો આપયો હતો.

ત્રીજો ઠરાવ—દસ્તુર દારાબ પેશુતનજી સંજાણાએ નીચે મુજબ મુકયો હતો :—

આ સભા ઠેરાવ કરે છે કે "સર જમશેદજી જીજીભાઇ પાંચમાં બેરોનેટના વડવાઓ પોતાના વખતમાં આપણી અનજુમનનાં ધરમના ફંડનાં ત્રસટી સાહેબો તથા અનજુમનના ગ્રહસથોને પોતાની સાથે લઇને અનજુમનને લગતાં કામકાજો જે પ્રમાણે ચલાવતા હતા તેજ પ્રમાણે સર જમશેદજી જીજીભાઇ પાંચમાં બારોનેટે હવે પછી કામકાજ ચલાવવું તથા પ્રમુખનો જે દરજજો તેવણના વડવાઓ ભોગવતા હતા તે દરજજો સર જમશેદજી જીજીભાઈ પાંચમાં બારોનેટને આપવો."

ઉપલી દરખાસત રજુ કરતાં દસ્તુર દારાબે અને ટેકો આપતાં ડાકટર કાવશજી દાદાચાંનજીએ તથા ડા૦ સુખીઆએ પણ ઘણાં સુભાખીત વ્યાંખયાંનો કરયાં હતાં.

મી૦ નશરવાનજી માણેકજી ગઝદરે બોલતાં જણાવયું કે જો આ ઠેરાવની સાંમે કોઇ પણ શખસ થાય, તો તે નગુણો કહેવાય. ૪૦–૪૫ વરસની વાત ઉપર હું એક વેળાએ ઉતર હીંદુસતાનમાં લાહોર ખાતે ગયો હતો અને તે વેળાએ હાલનાજ પારસી પોષાકમાં ગયો હતો. જે હીંદુ મુસલમાનો ત્યાં મને ઓળખી ન શકયા તેઓએ પોતાના બીજા ભાઇબંધોને મારે માટે પુછયું કે આ અજાણ્યા પોશાક વાલો શખસ કોણ છે; જેઓ જાણતા હતા કે હું પારસી છું તેઓએ મારે માટે તેમને કહયું કે "આતશપરસત, બોટલીવાલા, બોટલીવાલા" (તાલીઓ), અને જાણે હું પણ સર થઇ ગયો હોઉ તેમ મારી તરફ મેહેરબાની દેખાડી હતી. (હસાહસ).

ઉપલે ત્રીજો ઠેરાવ સર જમશેદજી પાંચમાં બેરોનેટપર લખી મોકલવાનો ચોથો ઠેરાવ થયો હતો—તથા પાંચમો ઠેરાવ જરથોસતી કોંમના આબરૂવાલા આગેવાંનોનાં રેકવીજીસનને માટે સભા બોલાવી તે માટે ટરસટીઓનો, અને આલબલેસ બાગનાં વાલીઓનો એ મકાન વાપડવા માટેનો, તથા છેલે પરમુખ સાહેબનો ઉપકાર માંનીને સભા બરખાસત થઇ હતી.

એ રીતે પારસી અનજુમનમાં સર જમશેદજી પાંચમાં બેરોનેટની નેમણુંક થવા સાથે જુદી જુદી મંડલીઓના પ્રમુખની તથા બીજી ઘટતી નેમણુકો પણ થઇ ચુકી છે. જેમકે પારસી પંચાયતના નવા ટરસટી અને ચેરમેન, જરથોસતી કોંમના લાભ સાચવનારી મંડલીના પરમુખ, હીંદુસ્તાનમાં ઉદયોગ હુનરનો વધારો કરવાની યોજના સથાપક મંડલીના ટરસટી: વીગરે, વીગરે જગા જગાએ અને મંડલી મંડલીએ એવાંને એમના મરહુમ પીતાની માંનવંત જગયાપર ઠેરવવામાં આવ્યા છે—એટલુંજ નહીં પણ એમને હીંદી નમાણુંકપર સતાવાર ઠેરવવાનાં કોંમની પશંદગીને માટે સુરત, વલશાડથી તે છેક નાઇનીટાલ વગેરેના જરથોસતીઓ અને અનજુમને પોતાની સભાઓ મેલવીને તે ઠેરાવો અતરે લાગતાવલગતાઓને લખી વાલયા હતા જે ઉપરથી હાલનાં સર જમશેદજી પાંચમાં પણ ચોમેર પારશી કોંમની કેટી પશંદગી પાંમી ચુકા છે, તે સપસટ જણાઇ ચુકુ હતું. અને હવે આ હેવાલ ખતમ કરતાં એક વાર ખાસ આપણ કહીશુંઅ તથા ચાહીશું કે એ નાનવર જવાન હીંદી ઉમરાવ પણ પોતાની સભયતા અને ભલાઇથી સઘ્ય કોંમમાં અને સરકારમાં નામ કીર્તિ મેળવીને નીકળશે-તથાસ્તુ.

સર જમશેદજી જીજીભાઇ મદરેશાનો ઇનામના મેલાવડો, તા૦ ૨૭ મી આગસ્ટે થયલો ત્યાં પરમુખસથાંને શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજી બીરાજ્યા હતા—તેવાએ મદરેશા તરફથી મરહુમ સર જમશેદજી ચોથા બેરોનેટનાં મરણની દલગીરી દરશાવતાં બોલ્યા હતા કે મારા મરહુમ ભાઈ ચોથા બેરોનેટ વાતચીતે બીજાને પડાથી અમો આજુબાજુનાઓ ઉપરાંત બીજા ઘણાઓને ગીરફ્તાર કરી જવાથી મેલાવડો મોડો થયો છે, તેમના મરણનો ગમ દીલાસાની અતરે જરૂર નથી, પણ પારસી પંચાયત કે જેને અસલક આ ખાતું છે તેના એક ટરસટી તરીકે હું મારા બીજા ભાઇબંધ ટરસટીઓ તરફથી ભારી દુઃખભરી લાગણી માત્ર જાહેર કરું છું કે એવોના મરણથી એક પાસોજ, ઉમંગી અને દાનનાજ વંશ ખોવાયો છે; ઇત્યાદી.

મરહુમ સર જમશેદજીનાં મરણની દલગીરી દરસાવવા માટે મુંબઇનાં સઘલી વરણનાં લોકોની એક જાહેર સભા શેરીફ મારફતે બોલાવાનું રેકવીઝીશન કરવામાં આવ્યું છે, જે મુજબ શેરીફ જાહેર સભા બોલાવશે. એ રેકવીઝીશન ઉપર નીચલા ગ્રહસ્થોની સહી થઇ ચુકી છે:—સર કાવસજી જાહાંગીર બેરોનેટ, સર હરકીશનદાસ નરોતમદાસ, સર વીઠલદાસ દામોદર, સર સાસુન જે. દેવીડ, સર ભાલચંદર ક્રીશણા, મી૦ એફ. જી. સેલબી, મી૦ શેપરડ, સર આદમજી પીરભાઇ આ૦ મી૦ જી. ઓ. ડન, મી૦ ધરમસી મોરારજી ગોકળદાસ, મી૦ એફ. સી. ગોરડન, મી૦ સ્ટેનલી રીડ, મી૦ એ. લેસલી, મી૦ કફ, ઓ૦ મી૦ આરમસ્ટ્રોંગ, મી૦ હીટન, વગેરે.

શેહેનશાહી જરથોસતીઓને બંદગી કરવાની પાક કેતાબો.

ખોરદેહ અવસતા—☞ આ જાતનાં ઘણા મોટા ખુલા કાલા અક્ષરે અને અશલ ઉચારે છાપેલી બધી નયાયસો, પતેતો, દુવાઓ અને દસ યસતો તેમાં:—હોરમજદ, મોટી હપતન, અરદીબેહસત, ખોરશાદ, આવાં, નાંધલી સરોસ, રાતની મોટી સરોસ, હોમ, વનંત, અને બેહરાંમ યસત છે. તે સાથે આ કેતાબ કપડાંમાં બાંધી તે ઉપર અશો જરથોસ્તની શુંદર સબી શુવનામા એમબોસ કાઢી છે—કીંમત રૂ. ૦ાા,—પોસટેજ દોઢ આનો.

ખોરદેહ અવસતા—☞ આ જાતનાં નવા મરોડદાર કાલા અક્ષરે અને અશલ ઉચારે છાપેલી બધી નયાસો, પતેતો, દુવાઓ અને પાંચ યશતો તેમાં· હોરમજદ, અરદીબેસ્ત, બેહેરાંમ અને બેઉ સરોસ છે.—પતલાં પુઠાંની રૂ૦ા—, જાડાં પુઠાંની રૂ૦ા=;—પોસ્ટેજ એક આનો. આ અવસતાની ચોપડી નામાં રહી શકે તેટલી નાની કદની છે.

મુકતાદનાં દીવશોમાં ભણવાનાં ફરામરોદના હા તથા ગાથાના હાની ચોપડી—કીંમત ત્રણ આના,—પોશટેજ અરધો આનો.

છુટી ફરવરદીન યશત—(ફરોખશી)—કીંમત ત્રણ આણા; પોશટેજ અરધો આનો.

છુટી આવાં યશત જાડાં પુઠાની કીંમત ત્રણ આના તથા પટલાં પુઠાંની કીંમત બે આના,—પોસ્ટેજ અરધો આનો.

પરચુટણ ચોપડીઓ.

પ્રીનસીપલ ગ્રોથસ ઓફ ઇનડીયન કોટન—એટલે હીંદી રૂના પાકના મુખ્ય મઠકોનો કોઠો દેખાડનારી ચોપડી—જેમા હીંદુસ્તાન તેમજ પરસીયાના દેશોમા કયા કયા ગામોમાં રૂ પાકેચ તે સઘલાં ગામોના નામો આલફાબેટીકલ રીતે ગોઠવી તેમના રેલવે સ્ટેશનોના મારકા સહીત આપવામા આવ્યાં છે; તેમજ વલી રૂ કેવી જાતનો અને તે કયા ગામનો છે તે કેમ પારખવો વગેરેની સમજ લંબાનથી આપવામાં આવી છે. એને લગતા કામ કરનારાઓને ઘણી ઉપયોગી થઈ પડે તેવી છે. કીંમત માત્ર રૂપયો અરધો—પોસ્ટેજ અરધો આણો.

રૂમાં કચરાની ઘટ આવીઆ પછી દર ખાંડીનો અને દર રતલનો ભાવ નકી કેમ પડે છે, તેના કોઠાની—સ્પીનીંગ વીગેરે રૂઉનાં કારખાનાંઓને ઘણી ઉપયોગી ચોપડી—એમાં દર ખાંડીના રૂ૧૧૫ થી તે ૨૫૨) શુધીના ભાવનો રૂઉ દર શેંકડે ૪) થી ૩૪) ટકા સુધીની ઘટ કેટલી તથા નકી કેમ ખાંડી પડે છે તે જોવાનો કોઠો છે.—કીંમત રૂ૧). પોસ્ટેજ અરધો આનો.

યોગ વીદયા અને અસલી ઇરાનીઓ—એમાં ખોદાતાલા યાને હકની દરગાહનો મારગ કેમ અખતીઆર થાય તે વીશેનું માયાકુલ અને મોતેબર લખાણ છે. કીંમત—રૂ૦ા, પોસટેજ અરધો આનો.

નજુમ નાંમું—કેઆંની પાદશાહી ફાલ જોવાની તાસીર,—ઇરાંણથી આવેલા એક ઇરાણીનું બનાવેલું.—કીંમત એક આનો, પોસટેજ અરધો આનો.

ઠેકાણું—૧૪૧ ચરનીવાડી—મુંબઇ વરતમાન છાપાખાનું.

મુંબઇ વરતમાન પ્રેસમાં વેચાતી ચોપડા.

ઠેકાણું—નાં૦ ૧૪૧—ચરનીવાડી, મુંબઇ.

હીંદુસ્થાનનાં આતશબેહેરાંમો અને યજદેજરદી સને ૧૨૬૭માં મુંબઇમાં સ્થાપાયલાં નવા આતશબેહેરાંમનો હેવાલ.-તથા મરહુમ દસ્તુરજી સાહેબ ડાકટર જામાસ્પજી મીનોચેરજી જામાસ્પઆસાના એમ. એ., પી. એચ. ડી., ડી. સી. એલ નું જન્મ ચરિત્ર સુંદર સબી સાથે-કીંમત રૂ॥. પોસ્ટેજ ૧ આનો

શમસુલ ઓલમાં દસ્તુરજી સાહેબ પેશુતનજી બેહેરાંમજી શનજાણા—એમ. એ., પી. એચ. ડી., નું જન્મ ચરિત્ર. સુંદર સબી સાથે—કીંમત બે આના.

આનરેબલ શેઠ નવરોજજી નશરવાંનજી વાહડયા, સી. આઇ. ઈ. નું મરણ— તેમનું જન્મ ચરિત્રની ચોપડી કીંમત રૂ૦॥, પોસ્ટેજ ૧ આનો.

મહારાણી વીકટારીયાનું જીવન ચરીત્ર— કીંમત બે આના પોસ્ટેજ અરધો આનો

ધર્મ નીતી—ભાગ પેહલો. બીજો-દરેકની કીંમત રૂ૦।-પોસ્ટેજ ૦)॥-એમાં ... સરસ ધર્મ અને નીતીબોધો તથા અવસતા વાણીની રૂડી સમજો, માયાકુલ... ...ોની મીસાલો, વીગરે આપીને ધરમની મોતેબરી સમજાવી છે, તથા ... જાતે દરેક વાતમાં નીતીમાન કેમ અને કેવી રીતે થવું તેના અસરકારક ...ન વાંચવા જોગ બોધ સમાવેલા છે.

ગેયાંમે નોશાલો-હીંગાંમે નોરોજ—યાને અશલી ઈરાંની જરથોસ્તીઓમાં અને હાલના હીંદુસ્થાની જરથોસ્તીઓમાં નવાં વરશનો હીંગામ કેમ પાલવામાં આવે છે તેનું વૃતાંત.-કીં૦)-॥. પોસ્ટેજ અરધો આનો

"દાખમે નોશીરવાન" અથવા મુશલમાનોનો મશહુર ખાલીફ હારૂન-અલ રશીદ શેહેનશાહ નોશીરવાંન આદેલનું દાખમું જોવા ગયો તે કીસો, જે દેખાવો, જે બયાંનો અને નવી નવાઇ તથા નશીઅતો છે તે નામીચા ખાલીફને તે જમાનામા મલેલી, આબેહુબ છે. ખાલીફ હારૂન-અલ-રશીદ, શાહનશાહ આદેલ નોશેરવાંન પાછલ લગભગ ૨૦૦ વરસે બગદાદના તખત ઉપર આવીઓ હતો, અને તે મોટા મરતબાવાલા તે જમાનાના ઓલમા મોટા ખેરખાહ ખલીફે પોતા આગલ ૨૦૦) વરશ થઇ ગયલા શેહેનશાહ નોશીરવાંનનું દાખમું જોયું અને ઈરાંની શેહેનશાહનું નામ જેહાંનમાં પુરેપુરી જાહોજલાલી ને રોશનાઇથી રોશન કરનારનું એશો રૂવાંન નવા શાહજ પોશાગ સાથ વટતી આવજતે તે મરહુમ શેહેનશાહની આગાહી માફક દાખમામાં હેડવયું, એ એક બેશક બનેલી વાત ને સાચી હકીકત છે.—કીંમત છ આના, પોસ્ટેજ અરધો આનો.

"પારસીઓ અને હિંદુઓનું મુળ"-યાને, પારસીઓના પુરાતન વડવાઓ અને હિંદુઓના અસલી પૂર્વજો પુરાતન ઇરાનવેજ (આર્યવૃત)માં જે વેળા સાથે વસ્તા હતા, તેવો એકજ કોમ તરીકે ગણાતા હતા તે વિષેનો બંને કોમવાળાઓને મારે જાણવાજોગ ટુંક હેવાલ.—કીંમત રૂ૦।, પોસ્ટેજ અરધો આનો.

આતસની ખુબી વીશે મલેલાં જુદાં જુદાં લખાણો—કીંમત બે આના, પોસ્ટેજ અરધો આનો.

હોરમજદ યસત ઉપરથી હોરમજદની સીફત વીશેની સરેહ-એ અવસતા કલામોના ખુદ દાખલાઓ સહીત ઇનામનો રેસાલો લખેલો છે. કીંમત બે આના, પોસ્ટેજ અરધો આનો.

મુંબઇ અને દેશાવરનાં જાણીતા અને જાહેર જરથોશતીઓનાં મરણ દીવશની નોંધની ચોપડી-પેહલેથી તે યજદેજરદી સને ૧૨૬૦ શુધીની, યજદેજરદી સને ૧૨૬૧ નાં ઝોરાશટરીઅન કેલેંડર ઉપરથી ઉપજાવેલી.—કીંમત રૂ૦।. પોસ્ટેજ અરધો આનો.

જરથોસ્તીઓમાં જનમ પામેલાં બાલકોના નામો પસંદ કરીને રાખવા માટે બનાવેલું લીસ્ટ—કીંમત અરધો આનો, પોસ્ટેજ અરધો આનો.

અસ્તરતાનું ખગોળ—યજદોના ઘોડા ગાડી ઇત્યાદી, કીંમત રૂ. ૦।.